**આજનો સુવિચાર**

જેણે પોતાની વિચારસરણી બદલી છે તેને સફળ થવાથી કોઈ રોકી શકતું નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૫ જૂનાગઢ તા.૨૦-૧૨-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 5, Junagadh : Date : 20 December, 2023, Wendesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ટ્રમ્પ ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણી લડી શકશે નહી : કોલોરાડોની સુપ્રિમ કોર્ટે ગેરલાયક ઠરાવ્યા




### સુપ્રિમ કોર્ટે અમેરીકી બંધારણની સુધારા કલમ હેઠળ ટ્રમ્પને રાષ્ટ્રપતિ પદ સંભાળવા બદલ અયોગ્ય જાહેર કર્યા : કેપીટોલ હિલ હિંસા માટે ટ્રમ્પ જવાબદાર

વોશિંગ્ટન, તા.૨૦

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આવતા વર્ષ ૨૦૨૪માં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવાર બની શકશે નહીં. કોલોરાડોની સર્વોચ્ચ અદાલતે મંગળવારે ટ્રમ્પને યુએસ બંધારણની વિદ્રોહ કલમ હેઠળ પ્રમુખપદ માટે અયોગ્ય જાહેર કર્યા હતા અને તેમને રાજ્યના પ્રમુખપદના પ્રાથમિક મતપત્રમાંથી દૂર કર્યા હતા. અમેરિકન ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે કે ૧૪મા સુધારાની કલમ ૩નો ઉપયોગ રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને ગેરલાયક ઠેરવવા માટે કરવામાં આવ્યો છે. આ વિભાગ બળવો કે વિદ્રોહમાં સામેલ અધિકારીઓને હોદ્દો સંભાળતા અટકાવે છે. સુપ્રિમ કોર્ટે પોતાના નિર્ણયમાં લખ્યું છે કે ટ્રમ્પ ૧૪મા સુધારાની કલમ ૩ હેઠળ રાષ્ટ્રપતિ પદ સંભાળવા માટે અયોગ્ય છે.

કોલોરાડો સુપ્રીમ કોર્ટે ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ યુએસ કેપિટોલ પર પ્રદર્શન અને હુમલાના સંદર્ભમાં આ નિર્ણય આપ્યો છે. જેમાં કોર્ટને જાણવા મળ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તેમના સમર્થકોને ઉશ્કેરવામાં ભૂમિકા હતી. જે બાદ તેઓ આવતા વર્ષે યોજાનારી રાજ્ય પ્રમુખની ચૂંટણીમાં મતદાન કરવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પના વકીલોએ કહ્યું છે કે તેઓ આ નિર્ણય સામે અપીલ કરશેર્ કોલોરાડો સુપ્રીમ કોર્ટે ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ યુએસ કેપિટોલ પર પ્રદર્શન અને હુમલાના સંદર્ભમાં આ નિર્ણય આપ્યો છે. જેમાં કોર્ટને જાણવા મળ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તેમના સમર્થકોને ઉશ્કેરવામાં ભૂમિકા હતી. જે બાદ તેઓ આવતા વર્ષે યોજાનારી રાજ્ય પ્રમુખની ચૂંટણીમાં મતદાન કરવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પના વકીલોએ કહ્યું છે કે તેઓ આ નિર્ણય સામે અપીલ કરશે

## કોરોના રીટર્ન્સ : દેશમાં ૯ દિવસમાં જ કોરોના કેસની સંખ્યા બમણી થઈ ગઈ



નવી દિલ્હી, તા.૨૦: દેશમાં કોરોના વાયરસને કારણે સ્થિતિ ચિંતાજનક થતી રહી છે. કેરળ બાદ હવે દેશનાં વધુ બે રાજ્યોમાં કોરોનાના નવા વેરિયન્ટ **JN.1** ની પુષ્ટી થઈ છે. તે સાથે ભારતમાં કોરોનાના કેસ ૯ દિવસમાં બમણાં થઈ ગયા છે.

હવે કયા રાજ્યોમાં કેસ મળ્યાં માહિતી અનુસાર કેરળ બાદ મહારાષ્ટ્ર અને ગોવામાં પણ નવા વેરિયન્ટના ૧૯ કેસ મળી આવ્યાની માહિતી મળી રહી છે. તેમાં એક કેસ મહારાષ્ટ્રનો છે જ્યારે ૧૮ કેસ ગોવાના જણાવાઈ રહ્યા છે. અગાઉ ગુજરાતમાં પણ કોરોનાના બે કેસ નોંધાયા હતા. કોરોનાના કેસનો આંકડો કેટલો થયો હવે દેશમાં કોરોનાના કેસ વધીને ૨૦૦૦ની નજીક પહોંચી ગયા છે. જોકે ૧૧ ડિસેમ્બરે કોરોનાના કેસની સંખ્યા ૯૩૮ જ હતી. મહામારી ફરી ઉથલો મારે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આજે આ મુદ્દે કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી મનસુખ માંડવિયા તમામ રાજ્યોના આરોગ્ય મંત્રીઓ સાથે બેઠક કરવાના છે.

## સંસદમાંથી સસ્પેન્ડ કરાયેલા સાંસદોને લોબી, ગેલેરી અને ચેમ્બરમાં પણ પ્રવેશબંધી : દૈનિક ભથ્થા પણ બંધ

નવી દિલ્હી તા.૨૦ : સંસદમાં ઘુસણખોરી તથા સ્મોક સ્ટીક હુમલાના વિવાદમાં છેલ્લા એક સપ્તાહથી સંસદના બન્ને ગૃહોમાં ધમાલ મચાવી કામકાજ ખોરવવા બદલ શિયાળુ સત્ર માટે બરતરફ થયેલા વિપક્ષના તમામ ૧૪૧ સાંસદોને હવે તેમની સંસદભવનની ચેમ્બર, લોબી કે લોકસભા-રાજયસભાની ગેલેરીમાં પણ પ્રવેશબંધી કરવામાં આવી છે.

આજે લોકસભા સચીવાલયે એક પરિપત્ર બહાર પાડીને આ આદેશ આપતા હવે સસ્પેન્ડેડ સાંસદો ફરી સંસદભવનના પ્રાંગણ સુધીજ આવી શકશે. સસ્પેન્ડેડ થયેલા સાંસદો બન્ને ગૃહોની ગેલેરીમાં પહોંચી કોઈ ધમાલ સર્જે નહી તે જોવા માટે આ નિર્ણય લેવાશે. ગઈકાલે જ વિપક્ષોએ સરકારના આ પગલાનો વિરોધ કરવા જાહેરાત કરી હતી. લોકસભાના ૯૫ અને રાજયસભાના ૪૬ સાંસદો હાલ સસ્પેન્ડ છે. આ ઉપરાંત આ સસ્પેન્ડેડ સાંસદોને તેમની સંબંધ કમીટીમાં હાજરી આપવા સામે ગૃહની કાર્યવાહીની કોઈ નોટીસ આપવા અંગે કે કોઈ કમીટીમાં મતદાન પણ કરી શકશે નહી. સંસદનું સત્ર ચાલુ છે તેથી તેઓને જે દૈનિક ભથ્થા મળે છે તે પણ મળશે નહી. તેમની ફરજને રેસીડેન્સ-ડયુટી પણ ગણાશે નહી.

## જૂનાગઢ મનપાનાં ભૂતપૂર્વ મેયર ધીરૂભાઈ ગોહિલનું અવસાન



જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ મહાનગરપાલિકાનાં ભૂતપૂર્વ મેયર ધીરૂભાઈ ગોહિલ ઉ.વ.૬૭નું આજે સવારે ૧૧.૩૦ કલાકે જૂનાગઢ સ્થિત તેમના નિવાસ સ્થાને નિધન થયું છે. ધીરૂભાઈ ગોહિલ છેલ્લા કેટલાક સમયથી બીમારીથી પીડાતા હતા.

હાલમાં તેમને બીમારી સબબ મુંબઈ સ્થિત રીલાયન્સ હોસ્પીટલનાં આઈસીયુમાં સારવાર આપવામાં આવી રહી હતી. તા. ૧૭ ડિસેમ્બરે તેમને મુંબઈથી એર એમ્બ્યુલન્સ દ્વારા જૂનાગઢ લાવવામાં આવ્યા હતા અને આજે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ધીરૂભાઈ ગોહિલનો ગઈકાલે જ જન્મદિવસ હતો અને તેમણે ૬૭ વર્ષ પૂર્ણ કરી ૬૮માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. ધીરૂભાઈ ગોહિલે તેમના મેયર પદનાં કાર્યકાળ દરમ્યાન જૂનાગઢ શહેરનાં લોકોની સુખાકારી માટે સતત પ્રયત્નો કર્યા હતા ખૂબજ સાલસ અને સરળ સ્વભાવનાં ધીરૂભાઈ ગોહિલ વિશાળ ચાહકવર્ગ ધરાવતા હતા. તેમના અવસાનથી જૂનાગઢ શહેરે એક સંનિષ્ઠ આગેવાન ગુમાવ્યા છે.

ધીરૂભાઈ ગોહિલ તેમની પાછળ તેમની ધર્મપત્ની અને બે પુત્રો ડો. તુષાર ગોહિલ (યુએસએ) અને વિવેક ગોહિલને વિલાપ કરતા છોડી ગયા છે.

ધીરૂભાઈ ગોહિલની અંતિમ યાત્રા આજે સાંજે ૪.૦૦ કલાકે તેમના ગ્રીન સીટી સ્થિત નિવાસ સ્થાનેથી નીકળશે. અને ૨ થી ૪ સુધી અંતિમ દર્શન રાખવામાં આવેલ છે.

## રામમંદીર માટે જીંદગી ખર્ચી નાખનાર અડવાણી - જોષીને જાકારો : સમારોહમાં નહી આવવા જણાવાયું



અયોધ્યા તા. ૨૦

અયોધ્યા મેં ભવ્ય રામમંદિર બનાયેંગે એવું બોલતા બોલતા જેમની જીભ સૂકાઈ ગઈ હતી, ગામે ગામ જેમણે આ નારા લગાવ્યા અને પોતે તેના માટે હજારો કિલોમીટરનો પ્રવાસ પણ કર્યો અને હિન્દુ જનજાગરણનું કામ કર્યું એવા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીને રામમંદિર ટ્રસ્ટે કહ્યું છે કે તમારી ઉંમરને કારણે તમે મૂર્તિ પ્રતિષ્ઠા સમારોહમાં ન આવો એ જ વધારે ઉચિત છે. વિશ્વ હિન્દુ પરિષદના નેતા અને રામમંદિર ટ્રસ્ટના ૭૮ વર્ષના જનરલ સેક્રેટરી ચંપતરાયે આ બંને નેતાઓ સાથે વાત કરી અને કહ્યું કે ઠંડી અને તમારી ઉંમરને ધ્યાનમાં રાખીને તમે દર્શન કરવા ન આવો તો સારું. ચંપતરાયે કહ્યું કે અડવાણીજીનું હોવું અનિવાર્ય છે પણ હું એવું કહીશ કે કૃપયા તે ન આવે. જોશી સાથે મેં પોતે ફોનમાં વાત કરી છે. મેં એમને પણ કહ્યું કે તમે ન આવતા. પણ એ જીદ કરતા રહ્યા કે હું તો આવીશ.

મારા એમની સાથે સારા સંબંધ છે. હું એમને વિનંતી કરતો રહ્યો કે, ગુરૂજી, તમે નહી આવતા. તમારી ઉંમર થઈ. ગોઠણ બદલાવ્યા છે. ઠંડી પણ વધારે હશે. છતાં કહેતા રહ્યા કે હું તો આવીશ જ.

## ૨૦૨૪માં માનવીય સંકટ વધુ ઘેરૂ બનશે : કરોડો લોકોનાં જીવન પર ખતરો



ન્યુયોર્ક,તા.૨૦: જળવાયુ ખતરા વચ્ચે આશંકા છે કે ૨૦ દેશોમાં આવતા વર્ષે માનવીય સંકટની સ્થિતિ વધુ ખરાબ થશે. ઈન્ટરનેશનલ રેસ્કયુ કમિટીની ઈમરજન્સી વોચલિસ્ટ રિપોર્ટમાં સુદાનને આ સંજોગો વચ્ચે સર્વાધિક સંવેદનશીલ દેશ માનવામાં આવ્યા છે.

સુદાન બાદ કબ્જા હેઠળ પેલેસ્ટીનિયન ક્ષેત્રો અને દક્ષિણી સુદાન પર સંકટના વાદળો ઘેરવાની આશંકા છે. આ રિપોર્ટ તે સમયે આવ્યો છે જયારે આ વર્ષે માનવીય સહાયતાની જરૂરિયાતવાળા લોકોની સંખ્યા વધીને ૩૦ કરોડ થઈ ગઈ છે અને વિસ્થાપિતો વ્યકિતનો આંકડો ૧૧ કરોડ સુધી પહોંચી ગયો છે.

જળવાયુ પરિવર્તન, સશસ્ત્ર સંઘર્ષ અને વધતા દેણા૨૦૨૪ માં વિશ્વમાં માનવીય સંકટ વધી જશે. માનવીય સ્થિતિ બગડવાના આશંકા વાળા દેશોમાં ઉપ-સહારા આફ્રિકાના ૯ દેશોની સાથે સાથે એશિયામાં મ્યાનમાર તેમજ અફઘાનિસ્તાન, મધ્યપૂર્વમાં સીરિયા, લેબેનોન અને યમન, યુરોપનું યુક્રેન, દક્ષિણ અમેરિકાનું ઈક્વાડોર અને કેરેબિયનમાં હૈતી સામેલ છે. કેટલાક આફ્રિકી દેશોના જીવનસ્તરમાં તેજીથી સુધારો કરવામાં આવ્યો છે. પરંતુ સંઘર્ષ, સત્તા પલટો, અને ગરીબી જેવી સમસ્યાઓ ખતરનાક સ્તરે વધી રહી છે. બીજી બાજુ અલનીનો મોસમની ઘટનાઓ જળવાયું માટે ખતરારૂપ છે.


ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ

Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912

શુદ્ધતા નો સ્વાદ એટલે

GIR KESARI
Premium Quality
દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ
KHODIYAR MINI OIL MIL

જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

ફ્લેટ વેચવાનો છે
2 BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, ફુલ ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદ્દન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે,
નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

S. K. CARS
આપને કાર લેવી હોય કે વેચવી હોય તો અમારો સંપર્ક કરો





કોન્ટેક્ટ નં.
મો. ૭૨૦૨૦ ૭૨૦૧૦
૮૯૫૯૫ ૦૦૦૦૫
શોપ નં.૪ ઈસ્કોન ગોલ્ડ સેન્ટ્રલ પ્લાઝા, મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

ઔદ્યોગીક હેતુ માટેની બાંધકામ સાથેની મોકાની જગ્યા
ભાડે આપવાની છે
વંથલી - માણાવદર હાઈવે ટચ
૭૮૦૦૦ સ્કે. ફીટ જગ્યા
૧૨૦૦૦ સ્કે. ફીટ ગોડાઉન
બાંધકામ, ૧૭ ફૂટની હાઈટ સાથે
સંપર્ક : 63515 36215

હેવન ઈન્ટીરીયર ફર્નિચર
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
heaven FURNITURE
હેવન ફર્નિચર
M. 97263 15003
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
મૈરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

100% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.





એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND
ઠાકરથાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩





તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# કેન્સરના દર્દીનું હૃદય માત્ર ૩૦ ટકા જેટલું કાર્યરત હોવા છતાં જટીલ સર્જરી સફળતાપુર્વક કરી દર્દીને નવજીવન અર્પતા ડો. ખ્યાતિ વસાવડા

## દર્દીઓને રોગમુક્ત કરી અને જીવનની ગુણવત્તા સુધારવા રાજકોટ કેન્સર સોસાયટી કટીબધ્ધ : ડો. ખ્યાતિ વસાવડા



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૦

રાજકોટ કેન્સર સોસાયટી(નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ)ના મોઢા તથા ગળાના કેન્સર વિભાગમાં જે દર્દીઓ સારવાર માટે આવતા હોય છે તેઓને લાંબા સમયથી ન રુજાતા ચાંદાની ફરીયાદ હોય છે. જેમાંથી વધુ પડતા દર્દીઓને તમાકુ અથવા અન્ય વ્યસનો હોય છે. આ પ્રકારના દર્દીઓમાં હંમેશા પ્રથમ તબકકામાં ઓપરેશન કરવાની ફરજ પડે છે. કારણ કે દર્દી રોગની શરૂઆતના સમયમાં તેને અવગણે છે અને તેના પરિણામે કેન્સર વધુ આક્રામક સ્વરૂપમાં આવી જાય છે. આ દર્દીનું જો પ્રથમ વખત ઓપરેશન હોય તેના માટે ઘણા વિકલ્પો હોય છે જેમાં વિવિધ પ્રકારની પ્લાસ્ટીક સર્જરી કરી શકાય છે. પરંતુ જયારે કોઈ દર્દી બીજી વખત કેન્સર થાય અથવા મોઢાના તેજ ભાગમાં બીજી વખત કેન્સર દેખાય ત્યારે તબીબો માટે તે પરિસ્થિતી થોડી કપરી બની જતી હોય છે. આવી જ તકલીફો સાથે એક દર્દી રાજકોટ કેન્સર સોસાયટીમાં સારવાર અર્થે આવેલ હતા. તેઓની સારવાર હોસ્પિટલના મેડીકલ ડાયરેકટર અને મોઢા તથા ગળાના કેન્સરના નિષ્ણાંત ડો.ખ્યાતી વસાવડાની દેખરેખ હેઠળ શરૂ કરવામાં આવી. ડો.ખ્યાતી વસાવડાના જણાવ્યા મુજબ આ દર્દીના ઓપરેશન દરમ્યાન કેન્સરગ્રસ્ત થયેલ નીચલુ જડબુ કાઢી નાખવા આવ્યુ. આ ઉપરાંત કોઈપણ દર્દીની સારવાર દરમ્યાન તેની સામાન્ય તપાસ અને જરૂરી તમામ રિપોર્ટસ કરવા ખુબ જ આવશ્યક હોય છે. ડો.ખ્યાતી વસાવડા અને તેમની ટીમ દ્વારા આ દર્દીના રિપોર્ટસ કર્તા માલુમ થયું કે દર્દીનું હૃદય માત્ર ૩૦% જેટલુ જ કાર્યરત છે. તેથી આ દર્દીની પરિસ્થિતી જટીલ હતી અને દર્દીની સારવાર આ બધા જ પરિબળોને ધ્યાનમાં લઈ આયોજન કરવામાં આવ્યું જેમાં બચેલા ભાગના હાડકા સાથે ગાલ, ગલોફાની ચામડી કાઢવામાં આવી અને જટીલ પ્લાસ્ટીક સર્જરી વડે નવું જડબું બનાવવાનું ઓપરેશન ડો.ખ્યાતી વસાવડા(મોઢા તથા ગળાના કેન્સરના નિષ્ણાંત) તથા ડો.ભાવિન માધાણી(આસી. કન્સલ્ટન્ટ, મોઢા તથા ગળાના કેન્સરના તબીબ) દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બહારના ભાગમાં ગાલનો ભાગ બનાવવા ખભ્ભાની ચામડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પ્રકારની જટીલ કસોટીમાંથી પસાર થયા બાદ આઈ.સી.યુ ક્રિટીકલ કેરના નિષ્ણાંત તબીબો વડે દર્દીને સ્ટેબલ રાખીને સારવાર પુર્ણ કરવામાં આવ્યો હતો. જેમાં માત્ર ૧૫ દિવસમાં જ દર્દીની ગળાની શ્વાસની નળી, નાકની નળી અને ખોરાકની નળી કાઢી નાખવામાં આવી અને દર્દી મોઢેથી ખોરાક લેતા થયા તથા કોઈપણ પ્રકારની તકલીફ વગર ચાલતા થયા. આજે તેમની ઓપરેશન પછીની સારવાર પણ પુર્ણ થયેલ છે અને દર્દીને નવું જીવનદાન મળેલ છે. રાજકોટ કેન્સર સોસાયટી આ પ્રકારના અનેક દર્દીની છેલ્લા પાંચ દાયકાથી વધારે સમયથી સાથે ઉભા રહી, સારવાર કરી અને રોગમુકત કરી નવજીવન આપવા કટ્ટીબધ્ધ છે.

# માંગરોળના દરીયામાં ટોકન લીધા વગર માછીમારી કરનાર ૩ બોટના સંચાલકો વિરૂધ્ધ ગુનો દાખલ





(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાં સુચના તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં દરિયાઇ કાંઠા વિસ્તારમાં સતત પેટ્રોલીંગ રાખવા તેમજ રજીસ્ટ્રેશન-લાયસન્સ વગર કે ટોકન લીધા વગર દરિયામાં માછીમારી કરવા માટે જતી બોટો/હોડી/પીલાણા વિગેરેને ચેક કરવા અને લાયસન્સમાં જણાવેલ શરતનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી.જૂનાગઢના પોલીસ ઈન્સ. એ.એમ.ગોહિલ તથા પો.સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ છે. દરમ્યાન એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ. એ.એમ.ગોહિલ તથા એસ.ઓ.જી. સ્ટાફ માંગરોળ દરિયાઇ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એસ.ઓ.જી. ના પોલીસ ઈન્સ. એ.એમ.ગોહિલને હકીકત મળેલ કે, જુનાગઢ જીલ્લામાંથી માછીમારી કરવા સંખ્યાબંધ ભારતીય માછીમારો હોડી-બોટ લઈ દરીયામાં માછીમારી કરવા માટે જાય છે અને ઘણી વખત માછીમારો ભારતીય સીમા રેખા ઓળંગીને પાકીસ્તાન દરીયાઈ સીમામાં પ્રવેશી માછીમારી કરે છે અને અમુક હોડી-બોટો માછીમારી કરવા જતી વખતે રવાના તથા બોટ પરતની તારીખ-સમય વગેરે વિગતના ઓનલાઈન ટોકન લેતા નથી, જે રાષ્ટ્રીય સુરક્ષા માટે અતિ ગંભીર બાબત છે. જે અન્વયે માંગરોળબારા દરીયા કાંઠે આવી વોચ રાખતા દરીયામાંથી ત્રણ હોડી(પીલાણા) માછીમારી કરી પરત કિનારા તરફ પરત આવતી જોવામાં આવતા ત્રણેય હોડીને તપાસતા જેમાં પ્રથમ હોડીમાંથી ઉતરેલ ટંડેલનુ નામ પુછતા પોતાનુ નામ અશરફ આદમ પટેલીયા(ઉ.વ.૩૫) ધંધો-માછીમારી રહે.માંગરોળબારા તા.માંગરોળ વાળો હોવાનું જણાવેલ હતું. મજકુરના કબજાની હોડીનું નામ જોતા 'યા રહીમી' તથા રજીસ્ટ્રેશન નં.**IND-GJ-11-MO-1425** લખેલ હોય તેમજ મજકુર ઈસમને દરીયામાં માછીમારી કરવા માટે ફિશરીઝ વિભાગ દ્વારા ઈસ્યુ કરવામાં આવતું ટોકન લીધેલ હોય તો રજુ કરવા જણાવતા દરીયામાં માછીમારી કરવા જવા અંગેનું કોઈ ટોકન લીધેલ નહી હોવાનું જણાવેલ હતું. બાદ બીજી હોડીમાંથી ઉતરેલ ટંડેલનુ નામ પુછતા પોતાનું નામ કમુ ઓસમાણ સમા(ઉ.વ.૫૦) ધંધો- માછીમારી રહે.માંગરોળ બારા તા.માંગરોળ વાળો હોવાનુ જણાવેલ હતું. મજકુરના કબજાની હોડીનું નામ જોતા યા ગૌશ અલમદદ તથા રજીસ્ટ્રેશન નં.**IND-GJ-11-MO-2076** લખેલ હોય જે હોડીની લાયસન્સની વેલીડીટી તપાસતા તા.૭-૧૨-૨૦૨૩ રોજ પુરૂ થયેલ છે, રીન્યુ કરાવેલ નથી. તેમજ મજકુર ઈસમે દરીયામાં માછીમારી કરવા માટે ફિશરીઝ વિભાગ દ્વારા ઈસ્યુ કરવામાં આવતું ટોકન લીધેલ નહી હોવાનું જણાવેલ હતું. બાદ ત્રીજી હોડીમાંથી ઉતરેલ ટંડેલનું નામ પુછતા પોતાનું નામ દાઉદ હુસેન સાવણીયા(ઉ.વ.૪૫) ધંધો-માછીમારી રહે.માંગરોળબારા તા.માંગરોળ વાળો હોવાનું જણાવેલ હતું. મજકુરના કબજાની હોડીનું નામ જોતા 'આશીફ' લખેલ હોય હોડીમાં કોઈ જગ્યાએ રજીસ્ટ્રેશન નંબર લખેલ ન હોય મજકુર પાસે હોડીના રજીસ્ટ્રેશન કાગળો માંગતા રજીસ્ટ્રેશન કાગળો નહી હોવાનું જણાવેલ તેમજ મજકુર ઈસમે દરીયામાં માછીમારી કરવા માટે ફિશરીઝ વિભાગ દ્વારા ઈસ્યુ કરવામાં આવતુ ટોકન લીધેલ નહી હોવાનું જણાવેલ હતું. આમ, જૂનાગઢ એસ.ઓ.જી. દ્વારા ઉપરોક્ત ત્રણેય હોડીના ટંડેલ વિરૂધ્ધ માંગરોળ મરીન પોલીસ સ્ટેશન ખાતે ગુના રજીસ્ટર કરાવેલ છે. હાલ આગળની તપાસ ચાલુ છે. આ કામગીરીમાં એસ.ઓ.જી.ના પો.ઈન્સ. એ.એમ. ગોહિલ તથા એ.એસ.આઇ એમ.વી. કુવાડીયા, જીતેન્દ્રસિંહ ચૌહાણ તથા પો.હેડકોન્સ અનિરૂધ્ધભાઇ વાંક, રાજુભાઇ ભેડા, પ્રતાપભાઇ શેખવા વિગેરે સ્ટાફ આ કામગીરીમાં જોડાયેલ હતો.

# સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોને મળ્યો અદભૂત પ્રતિસાદ પુષ્ટિસંસ્કારધામ શિલાન્યાસ મહોત્સવની કળાત્મક ફલશ્રુતિ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

પુષ્ટિ સંસ્કાર સ્કૂલના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનો અંતિમ દિવસ હોય ભાવિકો આતુરતાપૂર્વક વાટ જોતા હતા. જેનું સ્વાગત વક્તવ્ય બાળકો દ્વારા કર્યા બાદ ગોસ્વામી ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના વચનામૃતથી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. પ્રથમ કૃતિમાંજ શ્રીકૃષ્ણનું બાલ સ્વરૂપ ગોવાળિયાઓ સાથે સ્ટેજ ઉપર આવ્યું ત્યાં જ, ઉપસ્થિત દર્શકોમાં ખુશીની લહેર દોડી ગઈ, આ પ્રસ્તુતિમાં ભાવિકો જાણે વૃંદાવન પહોંચી બાલકૃષ્ણ લીલા માણતા હોય તેવી અનુભૂતિ પામી. ત્યારબાદ વૈષ્ણવોને પ્રિય મધુરાષ્ટકમ - શ્લોક ગાન ધોરણ ૧-૨ ના ૧૦૦થી વધુ બાળકોએ રજૂ કર્યું ત્યારે તેમની ભાવઅંગીમાંને વધાવી લીધા. ગીત જયતુ જનની જન્મભૂમિએ સંસ્કૃતિ અને દેશભક્તિની ઝાંખી કરાવી, તો સાથે શ્રી હરિરાયજી મહાપ્રભુજીકૃત નિત્ય લીલા- નૃત્ય નાટિકામાં ભક્તિનો રંગ દર્શાવ્યો. પુષ્ટિસંસ્કાર સ્કૂલના બાળકોને પોતાની સ્કૂલ માટે ખૂબ અહોભાવ અનેગૌરવને નૃત્ય સ્વરૂપે પ્રસ્તુત કરેલ, જે શ્રી પિયુષબાવાશ્રીના વહુજી શ્રીપદ્મશ્રીવહુજી દ્વારા રચિત થયેલ. વ્યક્તિ વિકાસ દ્વારા સમાજ વિકાસ માટે પુષ્ટિસંસ્કાર સ્કૂલના વિજનને કન્વીનરશ્રી આનંદભાઈ ઠક્કરે બખૂબી દર્શાવેલ. આ ભવ્ય-દિવ્ય આયોજન માટે હજારો સ્વયંસેવક સતત સેવા આપી રહ્યા છે. જેઓ દિવસ-રાત કે ઠંડી-ગરમીને વચ્ચે પણ કાર્યરત છે. તેમના સન્માન સહિત રાસોત્સવનું આયોજન છે. જે માણવા માટે પધારવા સર્વે વૈષ્ણવો આમંત્રિત છે.

# વિસાવદર તાલુકાના કાલસારી ગામે ખુલ્લા મેદાનમાંથી સાઉન્ડ સર્વિસના સામાનની થયેલ ચોરી


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)


જૂનાગઢ તા.૨૦

વિસાવદર તાલુકાના કાલસારી ગામે સરકારી દવાખાનાની પાછળના ભાગે ખુલ્લા મેદાનમાંથી સાઉન્ડ સર્વિસના સામાનની ચોરી થયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

આ બનાવ અંગે મેહુલભાઈ વલ્લભભાઈ ચીતલીયા (ઉ.વ.૩૧) ધંધો-સાઉન્ડ સર્વિસ તથા લાઈટ ડેકોરેશન રહે.ગાયત્રીનગર, બગસરા વાળાએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીનું સાઉન્ડ સર્વિસનો સામાન સ્પીકર નંગ-૨ તથા એમ્પ્લીફાયર નંગ-૧ જેની કુલ કિ.રૂા.૩૫,૦૦૦ તથા વિડીયો શુટીંગનો કેબલ તથા ચાર્જર તથા કપડા તથા સોનાની વિટી છ ગ્રામની તથા ફાસ્ટ્રેકની ઘડીયાળ તથા રોકડ રૂપીયા ૨૦૦૦ મળી જેની કુલ કિં.રૂા.૧૮૦૦૦ જે બંને મળી કુલ કિ.રૂા.૫૩,૦૦૦ની કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વિસાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# નમ્ર મુનિ મહારાજની પ્રેરણાથી સેવાકાર્ય : રાષ્ટ્રીય અંધજન મંડળને વીજ ખર્ચ બચાવવા સોલાર પેનલની ભેટ





જૈન દાતા દ્વારા સંસ્થાને કુલ રૂા.૭.૭૧ લાખનું અનુદાન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં ભવનાથ તીર્થ સ્થિત પારસધામમાં બિરાજિત પૂજ્ય નમ્રમુનિ મહારાજની પ્રેરણાથી જૈન દાતાઓ દ્વારા વાડલા ફાટક પાસે આવેલા રાષ્ટ્રીય અંધજન મંડળને ૨૫ કિલોવોટની સોલાર પેનલ વસાવવા તેમજ અન્ય જરૂરિયાતો માટે રૂા.૭.૭૧ લાખનું અનુદાન આપી ઉત્તમ સેવાકાર્યનું દ્રષ્ટાંત પુરૂ પાડ્યું છે. જૂનાગઢમાં વાડલા ફાટક પાસે આવેલું રાષ્ટ્રીય અંધજન મંડના શિક્ષણ, તાલીમ, પુનવર્સન અને આશ્રય માટે છેલ્લા ૪૩ વર્ષથી સતત કાર્ય કરે છે. સંસ્થા ખાતે પ્રજ્ઞાચક્ષુ વૃધ્ધાશ્રમ, દિવ્યાંગો માટે ઉદ્યોગ તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર તેમજ અંધજન પુસ્તકાલય કાર્યરત છે. ત્યારે સંસ્થા મોટા સંકુલના વીજળી ખર્ચને પહોંચી વળવા અને પ્રદુષણમુકત એનર્જી માટે ભવનાથ સ્થિત પારસધામમાં બિરાજીત પૂજય નમ્રમુનિમહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી જૈન દાતા દ્વારા સંસ્થાને ૨૫ કિલોવોટની સોલાર પેનલ વસાવવા માટે રૂપીયા ૭ લાખ ઉપરાંત ૨૧ હજારનો કાચો સીધો અને ૫૦ હજાર અન્ય ખાસ જરૂરિયાતો પુરી કરવા માટે અનુદાન કર્યું છે. આ તકે સંસ્થાના પ્રજ્ઞાચક્ષુ વૃદ્ધો તેમજ અંધજનોને પારસધામ ખાતે ભોજન પ્રસાદ સાથે નમ્રમુનિ મહારાજ દ્વારા આશીવાદ આપવામાં આવ્યા હતા.

# વેરાવળની દર્શન શાળામાં ઉર્જા સપ્તાહ અંતર્ગત ચિત્ર-નિબંધ સ્પર્ધા યોજાઈ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

વેરાવળની દર્શન શાળામાં ઉર્જા બચત સપ્તાહ અંતર્ગત ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કાર્યપાલક ઈજનેર વી.એન.કગથરા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલું જેમાં કુ.કે.જી.પરમાર-જુનિયર ઈજનેર, આર.એમ.ભટ્ટ-જુનિયર આસિસટન્ટ, વિભાગીય કચેરીના વિ.એ.ચાવડા-સીનિયર આસિસટન્ટ, એ.એલ.ભટ્ટ-જુનિયર આસિસટન્ટ સહીતના હાજર રહેલ અને પ્રાર્થના સભામાં વીજળી બચાવવાની જાણકારી આપેલ તેમજ ઉર્જા અંગેની સબસીડીની જાણકારી પણ આપેલી હતી. તેઓના માર્ગદર્શન હેઠળ શાળામાં નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જે અંતર્ગત નિબંધ સ્પર્ધામાં આશરે ૬૫ અને ચિત્ર સ્પર્ધામાં આશરે ૪૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે બિજવાણી પ્રાચી ભરતભાઈ, દ્વિતીય ક્રમાંકે અધ્યારૂ દિયા એમ., તૃતીય ક્રમાંકે વણિક ભાગ્યશ્રી હરેશભાઈ જ્યારે ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ભડિયાદ્રા કાજલ અજયભાઈ ધો.-૮, દ્વિતીય ક્રમાંકે ભરડા કરન દિલીપભાઈ ધો.-૯, તૃતીય ક્રમાંકે ડોડીયા શ્રેયા કેતનભાઈ ધો.-૯ વિજેતા થયેલ હતા. આ તમામ વિજેતાઓને પી.જી.વી. સી.એલ.ની ટીમ તથા શાળાના સંચાલક ભુપેન્દ્રભાઈ વિઠ્ઠલાણીના હસ્તે પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે

રાજ ડાયનીંગ હોલ


સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

રાજ ડાયનીંગ હોલ

કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

તહેવારો સબબ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે

વિજય ઘી ડીપો

ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

મો. ૭૨૦૨૦

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦

મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦

પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦

''સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે''

: સુભાષ :

પાણીપુરી

એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ

સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ

એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

માણસો જોઈએ છે

બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે

વંદના બેકરી

તળાવ સ્ટ્રીટ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

નારાયણ બેકરી

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

વૈદ્ય. મુકેશ આર. વારસુર

Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.

95869 60167

ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર

હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર

વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...

સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી

આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

# સમગ્ર શિક્ષા અને જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી જૂનાગઢ આયોજિત જીલ્લા કક્ષાનો કૌશલ્યોત્સવ યોજાયો



જૂનાગઢ, તા.૨૦

સમગ્ર શિક્ષા જૂનાગઢ અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી જૂનાગઢ આયોજિત જિલ્લા કક્ષાનો કૌશલ્યોત્સવ બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ વિદ્યા મંદિર પ્રાર્થના હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કૌશલ્યોત્સવમાં જૂનાગઢ જિલ્લાની ૪૨ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓએ પોતાના વ્યવસાયલક્ષી શિક્ષણ ને અનુરૂપ કૃતિઓ રજૂ કરી પોતાનામાં રહેલી કુદરતી કળાનુ પ્રદર્શન કર્યુ હતું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતગર્ત વ્યવસાયલક્ષી શિક્ષણ પર ખૂબ ભાર મૂકવામાં આવેલ છે. જે અંતગર્ત વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઓળખીને બહાર લાવીને વ્યવસાયિક ક્ષેત્રે ભાવી કારકિર્દીનુ નિર્માણ કરે એ વ્યવસાયલક્ષી શિક્ષણનો મૂળ હેતુ રહેલો છે. આ તમામ વિદ્યાર્થીઓની કૃતિઓનુ મૂલ્યાંકન આઈટીઆઈ જૂનાગઢના નિષ્ણાતો દ્વારા કરવામાં આવ્યુ હતુ. તથા પ્રથમ, દ્વીતીય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરીને તથા ભાગ લેનાર તમામ વિધાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ જિલ્લા શિક્ષણાધિકારી બી. એચ. વાઢેર ના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર શિક્ષાના જિલ્લા કો. ઓર્ડીનેટર જગતભાઈ વ્યાસ, જ્યોત્સનાબેન પરમાર, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના ઈ.આઈ. જલ્પાબેન કયાડા, મનિષાબેન હિંગરાજીયા, એ.ઈ.આઈ. દેવેનભાઈ રાઠોડ, સંદીપભાઈ મકવાણા વગેરે સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢમાં પ્રજાસત્તાક પર્વની ગૌરપદ ઉજવણી માટે તડામાર તૈયારી

## એટ હોમ, સાંસ્કૃતિક અને ધ્વજ વંદનના કાર્યક્રમોના સ્થળનું સંલગ્ન અધિકારીઓ સાથે નિરીક્ષણ કરાયું





જૂનાગઢ, તા. ૨૦

રાજયકક્ષાની પ્રજાસત્તાક પર્વની ગૌરવપ્રદ ઉજવણીનું જૂનાગઢ સાક્ષી બનવા જઈ રહ્યું છે. આ માટે કલેકટર અનિલકુમાર રાણાવસિયાના વડપણ હેઠળ ૨૬મી જાન્યુઆરીના ઉજવણી માટેના કાર્યક્રમના સ્થળનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી અંતર્ગતના એટ હોમ અને સંસ્કૃતિ કાર્યક્રમ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સ્પોર્ટ્સ સંકુલના મેદાનમાં યોજવામાં આવશે. ઉપરાંત ૨૬મી જાન્યુઆરીના દિવસે ધ્વજ વંદન પોલીસ તાલીમ મહાવિદ્યાલયના મેદાનમાં કરવામાં આવશે. ૨૬મી જાન્યુઆરીની ઉજવણી માટે રચાયેલ સમિતિના વડાઓની ઉપસ્થિતિમાં ઉક્ત સ્થળોની વિઝીટ કરવામાં આવી હતી. કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીઓ પાસેથી મંડપ, બેઠક વ્યવસ્થા, સ્ટેજ, ટ્રાફિક નિયમન, પરેડ, ટેબ્લો વગેરેની પૂર્વ આયોજનની જાણકારી મેળવી હતી. ઉપરાંત નકશાના માધ્યમથી સમગ્ર આયોજન સંદર્ભે જરૂરી પરામર્શ કર્યો હતો. જિલ્લા સમાહર્તાએ આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સહભાગી થવા માટે જિલ્લાભરમાંથી આવનાર નાગરિકોને અગવડતા ન પડે તે માટે પણ જરૂરી સૂચનાઓ આપી હતી. કલેકટરે ૨૬ જાન્યુઆરીની ઉજવણી માટે ફરજ સોંપાયેલ અધિકારીઓને કાર્યક્રમની ગરિમાને અનુરૂપ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માટે પણ સૂચના આપી હતી. આ સ્થળ નિરીક્ષણ માટે જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, મ્યુનિસિપલ કમિશ્નર રાજેશ તન્ના, નિવાસી અધિક કલેકટર શ્રી પી. જી. પટેલ અને ૨૬મી જાન્યુઆરીની ઉજવણી માટે રચાયેલ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જેટકો જૂનાગઢ દ્વારા ઉર્જા બચાવો અભિયાન અંતર્ગત ઉર્જા બચત માટેના બેનરોનું વિતરણ




જૂનાગઢ, તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા ડિસેમ્બર માસ ઉર્જા સંરક્ષણ માસ તરીકે ઉજવવાનું નકકી કરેલ હોય જેના ભાગરૂપે ગુજરાત એનર્જી ટ્રન્સમીશન કોર્પોરેશન નીચે આવતી જૂનાગઢ વર્તુળ કચેરી તાબા હેઠળની ટ્રાન્સમીશન ડિવિઝન જૂનાગઢ દ્વારા ઉર્જા બચત અભિયાન લોકજાગૃતિ માટે સરદારબાગ જેટકોની ઓફીસ ખાતે ઉર્જા સંરક્ષણ માટે સ્ટોલ ખુલ્લો મુકવામાં આવેલ જેમાં વિવિધ પ્રકારના ઉર્જા બચત માટેના બેનરો હોર્ડીંગ્સ અને પેમ્પલેટ જૂનાગઢ મહાનગરના નાગરીકોને વિતરણ કરવામાં આવેલ તેમજ ઈચ્છુક નાગરીકો આ સ્ટોલની મુલાકાત લઈને રોજબરોજ વપરાતા ઈલેકટ્રીક ઉપકરણો દ્વારા વિદ્યુત બચત કઈ રીતે થાય તે અંગે માહિતી મેળવેલ.

આ તકે જેટકો ડિપાર્ટમેન્ટ દ્વારા સ્ટોલમાં પ્રજાજનોને માહિતી મળી રહે તેવા વિજ ઉપકરણો પણ નિદર્શન માટે રાખવામાં આવેલ છે. આ તકે જૂનાગઢ ડિવિઝનના કાર્યપાલક ઈજનેર કે.જે. કુબાવત તેમજ નાયબ ઈજનેર એસ.પી. કાસુન્દ્રા, એચ.જી. વઘાસીયા, એસ.એમ. ચાવડા દ્વારા લોક જાગૃતિ અર્થે જહેમત ઉઠાવેલ હતી.

# જૂનાગઢ જીલ્લાકક્ષા કલા મહાકુંભ તા. ૨૪ના અને ગ્રામ્ય કક્ષાનો તા. ૨૫ ડિસેમ્બરના યોજાશે

જૂનાગઢ,તા. ૧૯

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર આયોજીત, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ સંચાલીત જૂનાગઢ શહેર જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ ૨૦૨૩-૨૪ તા.૨૪/૧૨/ ૨૦૨૩ના રોજ તથા જૂનાગઢ ગ્રામ્ય જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ ૨૦૨૩-૨૪ તા.૨૫/ ૧૨/૨૦૨૩ના રોજ બી.એ.પી.એ.સ. સ્વામીનારાયણ વિદ્યામંદિર, અક્ષરવાડી, પ્રમુખ સ્વામી માર્ગ, જુનાગઢ ખાતે સવારે ૮-૩૦ કલાકથી યોજાનાર છે જેમાં ઝોન, તાલુકાકક્ષાની કૃતિઓના (વકતૃત્વ, નિબંધ લેખન, ચિત્રકલા, ભરતનાટ્યમ, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, રાસ, ગરબા, સુગમ સંગીત, લગ્નગીત, સમુહગીત, લોકગીત, ભજન, તબલાં, હારર્મોનિયમ (હળવું) ) પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકો તેમજ સીધી જિલ્લાકક્ષાની ( કાવ્ય લેખન, ગઝલ શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ, સર્જનાત્મક કારીગરી, સ્કુલબેન્ડ, ઓરગન, કથ્થક, શાસ્ત્રીય કંઠય સંગીત(હિન્દુસ્તાની) કૃતિઓના ફોર્મ નિયત સમયમાં અત્રેની કચેરીએ પહોચાડેલ હોય તેઓએ અત્રે કરેલ રજીસ્ટ્રેશનની ખાતરી કરી આ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. વકૃત્વ સ્પર્ધાના વિષયો સ્પર્ધાના ૨૪ કલાક અગાઉ સંબંધીત ઝોન, તાલુકા કલામહાકુંભ કન્વીનર પાસેથી મેળવી લેવાના રહેશે.

# માંગરોળ પોલીસ દ્વારા 'દાદા દાદીના દોસ્ત' અંતર્ગત સુંદર કાર્યક્રમ યોજાયો

## પોલીસે શહેરના વયોવૃદ્ધ લોકોને સન્માનિત કરી તેમની સુરક્ષા અને સાર-સંભાળની ખાતરી આપી





(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૨૦

માંગરોળ પોલીસ વિભાગ દ્વારા વયોવૃદ્ધ લોકોની સાર-સંભાળ અને સુરક્ષા માટે ''દાદા દાદીના દોસ્ત'' સુત્ર અંતર્ગત એક સુંદર કાર્યક્રમ કર્યો હતો. જેમાં શહેરમાંથી ૬૦ વર્ષ ઉપરના વયોવૃદ્ધ લોકોને બોલાવી સન્માનિત કરવામાં આવ્યા હતા અને તેમની સલામતી, સુરક્ષા અને સંભાળની ખાતરી આપી હતી. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચનાથી માંગરોળ ડીવાયએસપી દિનેશ કોડીયાતરના માર્ગદર્શન હેઠળ આ પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો. માંગરોળ પોલીસ સ્ટેશનના પટાંગણમાં સોમવારની સંધ્યા વડીલો સાથે ઉજવવામાં આવી હતી. જેમાં લોક ડાયરો અને પોલીસ સ્ટાફના નાના ભૂલકાઓ દ્વારા બાળગીતો અને દેશભક્તિના ગીતો સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રશંગે ઉપસ્થિત અધિકારીઓ અને વરિષ્ઠ નાગરિકોએ પોતાના અભિપ્રાયો જણાવ્યા હતા.

જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા અનિવાર્ય સંજોગોને કારણે ઉપસ્થિત રહ્યા નહોતા તેમણે શુભેચ્છા સંદેશ પાઠવી જણાવાયું હતું કે પોલીસ દાદા દાદીના દોસ્ત છે. વડિલોની સાર સંભાળ રાખવી જોઈએ આવી સલાહો આપવી ખુબ સહેલી છે પરંતુ આપણે ખુદ જ એનો અમલ કરીએ. લોકો પણ સહકાર આપે ભવિષ્યમાં પણ આવા પ્રોગ્રામનું આયોજન કરતા રહીશું. ડીવાયએસપી દિનેશ કોડીયાતરે પ્રસંગને અનુસંધાને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા જણાવ્યું હતું કે પોલીસ પ્રજાનો મિત્ર છે અને ભવિષ્યમાં પણ લોકોની સાથે રહી કામ કરતી રહેશે. આપણા માટે ગૌરવની વાત એ છે કે જુનાગઢ જિલ્લાના વૃદ્ધાઆશ્રમોમા વયોવૃદ્ધ લોકોની સંખ્યા ખુબ નહીવત છે અને એમા પણ આપણા ડીવીઝનના માંગરોળ-માળીયાના એક પણ લોકો વૃદ્ધા આશ્રમમાં નથી જે આપણા વિસ્તારમાં કુટુંબ વ્યવસ્થા ખુબ જ સારી હોવાની દલીલ છે અને આપણી આ પ્રણાલી આવનારી જનરેશન પણ જાળવી રાખી તેના માટે તેમને પણ મોટીવેટ કરો તેવી મારી અપીલ છે.

માંગરોળ મરીન પોલીસ પીઆઈ સલીમ સાટી એ જણાવ્યું હતું કે, આજે ઘણા એવા વડીલો સુષુપ્ત અવસ્થામાં છે કે જેમની કોઈ સારસંભાળ પણ ના લેતું હોય. તેઓને પોતાનું જીવન એકદમ બોજ રૂપ લાગતું હોય. આવા લોકોનું પોલીસ દ્વારા એક બાયોડેટા તૈયાર કરવામાં આવે અને અઠવાડિયે એક વાર એમનો સંપર્ક કરવો જોઈએ. અને એમની સારસંભાળ કરવી જોઈએ. તેમણે વડિલોને હાકલ કરતા જણાવ્યું હતું કે અમે તમામ પોલીસ અધિકારીઓની જયારે પણ જરૂર લાગે અર્ધિ રાત્રે હાકલ કરજો. અમારા માતા પિતાની જેમ તમારી સેવામાં હાજર થઈ જશું.

માંગરોળ પોલીસના મહિલા પીએસઆઈ એસ એ સોલંકી મેડમે તમામનું અભિવાદન કરતા જણાવ્યું હતું કે આ આપણો પ્રથમ પ્રોગ્રામ ઘણો ગૌરવપૂર્ણ છે. આનાથી અમને પણ મારા માતાપિતા સમાન વડિલોના અભિપ્રાયો થકી ઘણી વિશેષ જાણકારી મળી છે. નાના બાળકોના ભવિષ્યનું ઘડતર કેવી રીતે કરવું એ કળા તો દાદા દાદી અને નાના નાની પાસે જ હોય. આપણી પાસે બાળકોને જીવન ઘડતરની વાતો કરવાનો સમય નથી આ બધું બાળકો એમના દાદા દાદી અને નાના નાની પાસે શિખતા હોય છે. આજે વડિલોની લાગણીઓ અને અનુભવો સાંભળીને એવું થયું કે જો આ કાર્યક્રમ ના કર્યો હોત ઘણું બધું ચૂકી જવાત.

પ્રોગ્રામમાં ઉપસ્થિત વરિષ્ઠ ફૌજી સાહેબજી બનેસંગ રાયઝાદાએ માંગરોળને સૌરાષ્ટ્રનું કશ્મીર ગણાવી રાજવી પરિવારને યાદ કરતા જણાવ્યું હતું કે, માાંગરોળ રાજકુમાર મેજર મો. અલી, બેગમ સાહબ અને એમનાભાઈ ઝાહીદબાપુ કેપ્ટનએ દેશ માટે મોટું બલિદાન આપ્યું છે. માંગરોળના નવાબ શેખ જહાંગીર મિયાં દાતાર મંઝિલમા જામફળ વેચતા અને નાળિયેરના પાંદડાઓની ચટાઈ બનાવી વેંચી ને પોતાના પરીવારનું ગુજરાન ચલાવતા હતા. માંગરોળના રાજા હોવા છતાં એ પસિનાની કમાણી ખાતા. આ માંગરોળ છે અહી ક્યારેય કૌમવાદ જાતિવાદ થાતું નથી. માંગરોળ એક આગવું શહેર છે. આજે વૃધ્ધોને સન્માનિત કરવાનું આ કામ ગુજરાતમાં પ્રથમ વખત માંગરોળથી જ શરૂ થઈ રહ્યુ છે. બાળકોએ વડિલોનું આદર સન્માન કરવુ જોઈએ. ખાખીની બહુ મોટી જવાબદારી આવે છે. ઈમાનદારી અને નિતિમ્તાથી કામગીરી કરો. ખાખીને જેટલી સમસ્યાઓ છે એ કોઈ નથી જાણતું. ભારતને નિષ્ઠાવાન માણસોની જરૂર છે.

આ પ્રોગ્રામમાં ઉપસ્થિત વરિષ્ઠ શિક્ષક અ. અઝીઝ શેખે જણાવ્યું હતું કે તમારી શૂરવીરતા, તમારી કમાણી અને તમારી સ્ત્રીઓ એ તમારો સૌથી મોટો રાઝ છે જેને ક્યારેય પણ લોકોની સામે જાહેર ના કરો. અનુમિયા શેખે જણાવ્યું હતું કે આવી રીતે લોકોને સાથે રાખીને પોલીસ કામ કરશે તો લોકોને ઘણો ફાયદો થાશે. અને ડર્યા વગર પોતાની સમસ્યાઓ જણાવશે. માણસનો સૌથી સારો મિત્ર પૂસ્તક છે. પૂસ્તકો વાંચવાની ટેવ પાડો. નિવૃત્ત આચાર્યા રાબીયાબેન આરબે જણાવ્યું હતું કે આપણા દેશમાં પોલીસને નેગેટીવિટીથી વિચારવામાં આવે છે. પરંતુ જો પોલીસના હોય તો રસ્તામાં ચાલવુ પણ મુશ્કેલ બની જાય.

# એસટી બસ સ્ટેશન જૂનાગઢ ખાતે સ્વચ્છતા રેલી યોજાઈ



જૂનાગઢ, તા.૨૦ : જૂનાગઢ એસટી ડેપો ખાતે તા.૧૯/૧૨/ ૨૦૨૩ના રોજ શુભ યાત્રા સ્વચ્છ યાત્રા ઉપક્રમે સ્વામિનારાયણ ગુરૂકુલના વિદ્યાર્થીઓ અને ડેપોના કર્મચારીઓ દ્વારા સ્વચ્છતા રેલીનો કાર્યક્રમ યોજાયો હતો.

# ભેંસાણમાં માર્કેટીંગ યાર્ડના સહયોગથી સી.સી.ટીવી.કેમેરા ફીટ કરાયા



(રેનિશ મહેતા દ્વારા) ભેંસાણ, તા.૨૦

ભેંસાણ શહેરની સુરક્ષામાં વધારો થાય તે હેતુથી પોલીસ વિભાગ દ્વારા માર્કેટિંગ યાર્ડના આર્થિક સહયોગથી પરબચોકડી ખાતે સી.સી.ટીવી કેમેરા ફીટ કરવામાં આવ્યા છે. આ તકે યાર્ડના ચેરમેન નટુભાઈ પોકીયા, ડિરેકટર વજુભાઈ મોવલીયા, પી.એસ.આઈ. સરવૈયા, સેક્રેટરી એસ.પી. કુબાવત, જી.પં.ના સદસ્ય કુમારભાઈ બસીયા, તા.પં. ઉપપ્રમુખ જયદીપ, તા.પં. સદસ્ય દિપકભાઈ સતાસિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભેંસાણમાં તાલુકા લેઉવા પટેલ સમાજ અને પાટીદાર કર્મચારી મંડળના સંયુક્ત ઉપક્રમે વિશિષ્ટ સન્માન સમારોહ યોજાશે

(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ તા.૧૯

ભેંસાણ તાલુકાના તમામ ક્ષેત્રના પાટીદાર કર્મચારીઓ દ્વારા શ્રી તાલુકા લેઉવા પટેલ સમાજ ભેંસાણના ઉપક્રમે એક વિશેષ સારસ્વત સન્માન સમારોહ આગામી તા. ૭ જાન્યુઆરીના રોજ ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાશે. આ સન્માન સમારોહમાં ભેંસાણ તાલુકાના મોટા ગજાના ઉદ્યોગપતિને ઉદ્યોગ રત્ન એવોર્ડ, સમાજમાં જેમનું વિશિષ્ટ યોગદાન છે એવા વ્યક્તિને પાટીદાર રત્ન એવોર્ડ, ગૌ સેવા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરવા બદલ ગૌસેવા રત્ન, મહિલાઓને પ્રેરણા પૂરી પાડનાર વિશિષ્ટ મહિલાઓને વિશિષ્ટ મહિલા સેવા સન્માન એવોર્ડ, સંયુક્ત પરિવાર રત્ન એવોર્ડ તથા શ્રેષ્ઠ કર્મચારી એવોર્ડ, નિવૃત્તિ સન્માન અને ધોરણ ૧૦ તથા ૧૨ માં જે વિદ્યાર્થીઓએ ૮૦% ઉપર ગુણ મેળવેલ છે આવા વિદ્યાર્થીઓનું સન્માન તેમજ તાલુકાના નવનિયુક્ત કર્મચારીઓનું સન્માન આ તકે કરવામાં આવશે. ધોરણ ૧૦ તથા ૧૨માં ૮૦% ગુણ મેળવેલ વિદ્યાર્થીઓના સન્માન માટેના ફોર્મ તથા સરકારી નોકરીમાં નિયુક્તિ મેળવેલ નવનિયુક્ત કર્મચારીઓના ફોર્મ તાલુકા લેઉવા પટેલ સમાજ ભેંસાણના કાર્યાલયમાંથી ભરતભાઈ સાવલિયા પાસેથી મેળવી અને ત્યાં તારીખ ૨૫ ડિસેમ્બર સુધીમાં જમાં કરાવવાના રહેશે.

# જૂનાગઢમાં સ્વ. સુર્યકાંતભાઈ આચાર્યનાં સ્મૃતિ પુર્વ નિમિતે કાર્યક્રમનું આયોજન

જૂનાગઢ તા.૨૦

ગુજરાત જનસંઘના સ્થાપક પૈકીના એક અને ગુજરાત ભાજપનાં દિવંગત નેતા સ્વ. સુર્યકાંતભાઈ આચાર્યની પુણ્યતિથી નિમિતે તા.૨૧/૧૨/ ૨૦૨૩ને ગુરૂવારના રોજ સાંજે ૪:૦૦કલાકે ભુતનાથ મહાદેવ મંદિર ખાતે ''એકાત્મ માનવવાદ'' વિષય પર વ્યાખ્યાન યોજવાનું નક્કી થયેલ છે. આ વ્યાખ્યાન થકી તેમના જીવન કવનને શિક્ષા-દિક્ષા સ્વરૂપે આજની પેઢી સુધી પહોચાડવાનો એક વિનમ્ર પ્રયાસ છે. સ્વ. આચાર્યને ભાવાંજલી માટેના આ કાર્યક્રમમાં અધ્યક્ષપદે અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ અને પંચઅગ્નિ અખાડાના સભાપતિ પ. પૂ. મુકતાનંદ બાપુ, ઉદઘાટક પ.પૂ. મહેશગીરીબાપુ- મહંત ભુતનાથ મહાદેવ મંદિર તથા રાજયના પુર્વ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા અદ્ય એવોર્ડ વિજેતા કટાર લેખક વરિષ્ઠ પત્રકાર વિષ્ણુભાઈ પંડયા તેમના પ્રવચનમાં અંજલી સ્વરૂપ ''અર્ધ્ય'' આપશે.

આ કાર્યક્રમનાં આયોજન માટે બનેલી પૂ. સુર્યકાંતભાઈ આચાર્ય સ્મૃતિ પુર્વ સમિતિમાં ભાજપ, પરિવાર ક્ષેત્ર તથા સામાજિક અગ્રણીઓનો સમાવેશ થયેલો છે. જેના ચેરમેન તરીકે પ્રફુલભાઈ ત્રિવેદી તેમજ સભ્ય તરીકે જીતુભાઈ ભીડીં, ચેતનભાઈ ત્રિવેદી, અશોકભાઈ ભટ્ટ, ડોલરભાઈ કોટેચા, વિશાલભાઈ જોષી, યોગીભાઈ પઢીયાર, નિરવભાઈ પુરોહીત, ચંદ્રેશભાઈ હેરમા, ભરતભાઈ ગાજીપરા, શૈલેન્દ્રભાઈ સકસેના, નવનીતભાઈ શાહ, રાજુભાઈ મહેતા, બુધ્ધેશભાઈ નિર્મલ, મનીષભાઈ જાની, ભરતભાઈ લખલાણી, મુકેશભાઈ મેઠીયા સહિતના આ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# જ્ઞાતિવાદનાં સમીકરણો સાચવી લેવાની ભાજપની ફોર્મ્યુલા

તાજેતરમાં ત્રણ રાજયોમાં મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રીપદે થયેલી પસંદગીઓમાં યુવા નેતૃત્વને ખુબ વધારે મહત્વ આપવામાં આવ્યું છે.એની પાછળનાં કારણો અને તારણો પણ છે. રાજસ્થાનમાં મુખ્યમંત્રી તરીકે વસુંધરા રાજે, કિરોડીલાલ મીણા, ગજેન્દ્ર શેખાવત, કૈલાશ ચૌધરી, અશ્વિની વૈષ્ણવ, અર્જુન મેઘવાલ અને સી.પી. જોશી સહિત સંખ્યાબંધ નામો હરિફાઈમાં હતાં. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે મુખ્યમંત્રી તરીકે ભજનલાલ શર્માનું નામ ઘોષિત થયું, તો તેમના બે ડેપ્યુટી સીએમ તરીકે રાજકુમારી દિયાકુમારી (ક્ષત્રિય) અને અનુસૂચિત જાતિના પ્રેમચંદ બેરવાની વરણી કરાઈ છે. મધ્યપ્રદેશમાં મોહનલાલ યાદવ (ઓબીસી)ને મુખ્યમંત્રી પદે તથા ડેપ્યુટી સીએમ તરીકે જગદીશ દેવડા (અનુસૂચિત જાતિ) અને રાજેન્દ્ર શુક્લ (બ્રાહ્મણ)ની પસંદગી કરાઈ છે. છત્તીસગઢમાં આદિવાસી નેતા વિષ્ણુ સાયને મુખ્યમંત્રી પદ જયારે ભાજપ પ્રદેશ પ્રમુખ અને ઓબીસી નેતા અરૂણ સાઓ અને બ્રાહ્મણ પરિવારના વિજય શર્માને ડેપ્યુટી સીએમનું પદ આપવામાં આવ્યું છે. છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી રમણસિંહને વિધાનસભાના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તદનુસાર મધ્યપ્રદેશમાં પૂર્વ કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમર અને રાજસ્થાનમાં સિંધી સમાજના વાસુદેવ દેવનાની પર અધ્યક્ષપદનો કળશ ઢોળાયો છે. આ સંજોગોમાં મુખ્યમંત્રીપદે રાજકીય નિરીક્ષકો અને તજજ્ઞો દ્વારા ચર્ચાતાં નામોનો સદંતર છેદ ઉડી ગયો છે. મધ્યપ્રદેશમાં મામાના હુલામણા નામે ઓળખાતા શિવરાજસિંહ ચૌહાણ ૧૮ વર્ષ સુધી મુખ્યમંત્રીપદે રહ્યા. લાડલી બહેનો અને લાડલી લક્ષ્મીઓના આશીર્વાદથી ભાજપે ચૂંટણીમાં જવલંત સફળતા મેળવી હોવાનો તેમણે દાવો તો કર્યો, પરંતુ હકીકતમાં સૌથી વધુ બેઠકોથી જીત મેળવવા છતાં મુખ્યમંત્રીપદેથી તેમના નામનું પત્તું કપાઈ ગયું. ચાર વખત મુખ્યમંત્રીપદે રહેનાર અને અટલબિહારી વાજપેયી, લાલકૃષ્ણ આડવાણી, અરુણ જેટલી અને સુષ્મા સ્વરાજના એક જમાનાના અત્યંત વિશ્વાસુ મનાતા શિવરાજસિંહ આજે નિરાશ જણાય છે. મધ્યપ્રદેશમાં કેન્દ્રીય મંત્રી નરેન્દ્ર તોમર, પ્રહલાદ પટેલ, સંગઠનના મહારથી મનાતા કૈલાશ વિજયવર્ગીય અને જ્યોતિરાદિત્ય સિંધિયા જેવા મહાનુભાવો મુખ્યમંત્રીપદ પામવા માટે લાઈન લગાવીને ઊભા હતા ત્યારે ધારાસભ્યોની કતારમાં છેલ્લી પંક્તિમાં બેઠેલા મોહનલાલ યાદવનો ચાન્સ લાગ્યો. એજ પ્રકારનું ચિત્ર છત્તીસગઢમાં પણ જોવા મળે છે.

શિક્ષા અને રોજગારીના હક્કમાં પૂરતો ન્યાય નથી મળતો એ મતલબનો રાગ અલાપતા રાહુલ ગાંધી બિહારમાં થયેલી જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરીની દુહાઈ દેતા હતા ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ માત્ર ચાર જ વ્યક્તિત્વ યુવાન, ગરીબ, મહિલા અને કિસાનને પ્રાધાન્ય આપવાની વાત કરી છે. ભાજપે ઉત્તરપ્રદેશમાં બે ડેપ્યુટી સીએમનો પ્રયોગ કર્યો, જે સફળ થતાં મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં પણ તે ફોર્મ્યુલાને દોહરાવવામાં આવી છે. ભાજપે જ્ઞાતિવાદનાં સમીકરણો સાચવી લેવા ઉપરાંત ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલાં ભવ્ય રામમંદિર નિર્માણનું કામ સંપન્ન કરી દીધું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પરસ્ત્રી, પરધન, પરનિંદા, પરિહાસ અને વડીલો સામે ચંચળતા આ સર્વનો ત્યાગ કરવો જોઈએ. - ચાણક્ય નીતિ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર સુદ-૮ દૂર્ગાષ્ટમી, બુધ્ધાષ્ટમી, કલ્પાદી, પંચક તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૬, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, વ્યતિપાત યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૨૯, સૂ.અ.૬:૧૦
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: હર્ષ-ઉલ્લાસ ભર્યો દિવસ, માંગલિક કે ધાર્મિક કાર્યમાં ધન વપરાય.
વૃષભ:ધનલાભના યોગ છે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.
મિથુન:વ્યર્થ વિવાદનો સામનો કરવો પડે. મહત્વના કાર્યો ટાળવા.
કર્ક: આર્થિક સમસ્યાનું નિરાકરણ થાય. રચનાત્મક કાર્યો થાય.
સિંહ: અટકેલા કાર્યો પૂર્ણ થાય. આર્થિક લાભ મળે.
કન્યા: પારિવારીક જીવનમાં વિષમતા રહે. ધીરજના ફળ મીઠા મળે.
તુલા: બેચેની ભર્યો દિવસ વિતે. આર્થિક વિકાસ મંદ રહે.
વૃશ્ચિક:આર્થિક લાભ થાય. પ્રિયજન સાથેની મુલાકાત સફળ બને.
ધન: વ્યર્થ ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
મકર: લાભની આશા ઠગારી નીવડે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
કુંભ: નવિન સમાચાર મળે. આર્થિક ધનલાભ થાય.
મીન: મુસાફરી ટાળવી હિતાવહ. વ્યર્થ દિવસ રહે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ સેલને નોંધપાત્ર સફળતા

# દ્વારકા જિલ્લા સહિત બુકિંગ ફ્રોડમાં ૧૦૦ થી વધુ ફેક વેબ સાઈટ, ગુગલ એડ્સ બનાવીને ૬૦૦ થી વધુ ડમી પ્રિ-એક્ટિવેટેડ સિમકાર્ડનું વેચાણ કરવાના પ્રકરણમાં છ શખ્સો ઝડપાયા






(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૦

તીર્થધામોમાં આદર ભર્યું સ્થાન ધરાવતા દ્વારકા ખાતે દર વર્ષે દેશ-વિદેશમાંથી લાખોની સંખ્યામાં યાત્રાળુઓ, દર્શનાર્થીઓ દ્વારકા દર્શન કરવા આવે છે. અહીં આવતા દર્શનાર્થીઓ રોકાણ માટે દ્વારકાની આવેલ હોટલોમાં એડવાન્સ ઓનલાઈન બુકીંગ કરે છે. જેનો લાભ લઈ આંતરરાજય ઠગ ટોળકી છેતરપિંડી કરતા હોય છે. તાજેતરમાં દ્વારકા જિલ્લામાં ન્યુડ વિડીઓ કોલીંગ ફ્રોડ, શોપીંગ ફ્રોડ જેવા સાયબર ક્રાઈમના ગુન્હાઓ બને છે, જે તમામ ગુનાઓનો પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયએ અભ્યાસ કરી, એ.એસ.પી. રાઘવ જૈનએ ખુબ જ ગંભીરતાથી લઈ દ્વારકા જિલ્લામાં "સાયબર સેફ દ્વારકા" ના સુત્ર હેઠળ આંતરરાજય સાયબર ગુન્હેગારોને પકડી પાડવા સુચના માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોબાઈલ સીમકાર્ડ ના વેચાણ તથા ઉપયોગ માટે સરકાર દ્વારા ચોક્કસ ગાઈડ લાઈન બહાર પાડવામાં આવી છે. જેથી ગેરકાયદેસર સિમકાર્ડ એકટીવના થઈ શકે. પરંતુ અમુક ગઠીયાઓ દ્વારા લોકોને છેતરી તેના ડોક્યુમેન્ટનો ઉપયોગ કરી ગેરકાયદેસર સિમકાર્ડ એકટીવ કરી છેતરપીંડીમાં ઉપયોગ કરતા હોવાની હકીકત ઉજાગર થયેલ હતી.

છેલ્લા એક વર્ષના દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાયબર ક્રાઈમના ગુનાઓનો અભ્યાસ કરતા સદર હકીકતને સમર્થન મળ્યું હતુ. જેમાં કેટલાક મોબાઈલના સિમકાર્ડ ગુજરાતમાંથી ઈસ્યુ થયેલા હતા. આ સિમકાર્ડની માહિતિ મેળવી તપાસ કરતા સદર સિમકાર્ડ એક જ જગ્યા વડોદરાથી ઈસ્યુ થયેલ હોવાની હકીકત ધ્યાને આવેલ હતી. આ સિમકાર્ડ પહેલા વડોદરાના અલગ અલગ વ્યક્તિઓના નામે રજિસ્ટર થયેલ હોય અને ત્યારબાદ આ સિમકાર્ડ રાજસ્થાનમાં અલગ અલગ ગુનાહિત પ્રવૃતિમાં વપરાતા હોવાનું ધ્યાને આવેલ.

આ તમામ ગુનાઓના મુળ સુધી પહોંચી ગુનાના આખા નેટવર્કનો પર્દાફાસ કરી, મુખ્ય સુત્રધારને ધરપકડ કરવા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયએ સાયબર ક્રાઈમ સેલના પોલીસ ઈન્સ્પેકટર એ.વાય. બલોચ તથા દ્વારકા જિલ્લા પોલીસની અલગ-અલગ ટીમો બનાવી "સાયબર સેફ દ્વારકા" ના પખવાડીયા તરીકે કામગીરી કરવા ગુજરાત અને રાજસ્થાન જરૂરી સુચના-માર્ગદર્શન આપી રવાના કરી, ટીમનું સતત મોનીટરીંગ રાખી, સાયબર ક્રાઈમ સેલની ટીમ દ્વારા ગુજરાત અને રાજસ્થાનના અલગ-અલગ વિસ્તારમાંથી ટેક્નિકલ એનાલીસીસ અને હ્યુમન સોર્સ આધારે વર્ક આઉટ કરી, ૬૦૦ થી વધુ ડમી પ્રિ-એક્ટિવેટેડ સિમકાર્ડનુ વેચાણ કરનાર તથા ફેક વેબસાઈટ, સિમકાર્ડનો ઉપયોગ કરી છેતરપિંડી કરનાર તથા ન્યુડ કોલ ફ્રોડ તથા શોપીંગ ફ્રોડના મુખ્ય સુત્રધારોને પકડી પાડવામાં સફળતા મેળવી છે.

આ પ્રકરણમાં સિમકાર્ડ વિક્રેતા વડોદરા ખાતે રહેતા હસન ઉર્ફે દસ્તગીર અકીલભાઈ શેખ, (ઉ.વ. ૨૫), અન્ય એક આરોપી વડોદરાના અલ્તાફ રજાકભાઈ શેખ (ઉ.વ. ૨૫), ત્રીજા આરોપી એવા વડોદરાના સીમ કાર્ડ વિક્રેતા આરીફબેગ સમસુદીન મિરઝા (ઉ.વ. ૨૫), ચોથા આરોપી રાજસ્થાન રાજ્યના ડીંગ જિલ્લાના ગોપાલ રઘુવર ગુર્જર (ઉ.વ. ૫૦), અને અઝરૂ યાદમોહમ્મદ મેવ (ઉ.વ. ૨૦) છઠ્ઠા આરોપી રાજસ્થાન રાજયના કરોલી જિલ્લાના દલવિરસિંઘ દિવાનસિંઘ બેનીવાલ (ઉ.વ. ૩૦)ની અટકાયત કરી લેવામાં આવી છે.

આરોપીઓ દ્વારા કરવામાં આવેલી મોડેસ ઓપરેન્ડીની કબુલાતમાં તેઓએ ૬૦૦ થી વધુ પ્રિ-એક્ટિવેટેડ ડમી સિમ કાર્ડ વેચાણ કર્યાની હતા. ગુજરાત રાજયના વડોદરા ખાતે કરેલ કાર્યવાહીમાં પકડાયેલ હસન ઉર્ફે દસ્તગીર અકીલભાઈ શેખે ધોરણ દસ સુધીનો અભ્યાસ કર્યો છે. વડોદરાના અલ્તાફ રજાકભાઈ શેખે ધોરણ ૧૧ સુધીનો અભ્યાસ કરેલ છે. ૧૧ ધોરણ સુધી ભણેલા આરીફબેગ સમસુદીન મિરઝા મળી, ઉપરોકત ત્રણેય આરોપીઓ એરટેલ તથા રિલાયન્સ જિઓના સિમકાર્ડ વિક્રેતા તરીકે છેલ્લા એક વર્ષથી કામ કરે છે. હસન શેખ વડોદરા તાંદલજા ખાતે છત્રી લગાવી સિમકાર્ડનુ વેચાણ કરતો હતો. દોઢ બે વર્ષ પહેલા ડીગ જિલ્લાના એક અજાણ્યા વ્યક્તિ સાથે વડોદરામાં સંપર્ક થયેલ અને તેણે આ હસનને ડમી સિમકાર્ડ આપવાનું જણાવેલ અને એક સિમકાર્ડના ૩૫૦ રૂપીયા આપવાનુ જણાવેલ હતું, ત્યારબાદ આ હસન તેની પાસે જે લોકો સિમકાર્ડ ખરીદવા આવે તેના પ્રથમ આધાર નંબર મેળવી ફોટો ફિંગર લઈ સિમકાર્ડ એકટીવ કરી પોતાની પાસે રાખી લઈ અન્ય સિમકાર્ડ ખરીદનારને આપી દેતો હતો. જે સિમકાર્ડ એકટીવ ન થતા ખરીદનાર ફરી તેની પાસે સિમ એકટીવ કરાવવા આવતા સિમ એકટીવ રિપ્રોસેસનુ જણાવી ફરી વખત ફોટો ફિંગર મેળવી સિમકાર્ડ એકટીવ કરી આપતો હતો. આ રિતે દિવસના ચાર-પાંચ ડમી સિમકાર્ડ એકટીવ કરી ૩૦-૪૦ સિમકાર્ડ ભેગા કરી રાજસ્થાનના ફ્રોડ વ્યક્તિને કુરીયર કરી આપતો અને કયારેક ડીગ રાજસ્થાન રૂબરૂ જઈ સિમકાર્ડ આપી આવતો હતો. તેમજ હસને પોતાના મિત્ર અલ્તાફ રજાકભાઈ શેખ અને આરીફબેગ સમસુદીન મિરઝા તથા અન્ય બે મિત્રો સાથે ભેગા મળી એકસંપ થઈ આ રીતે ડમી સિમકાર્ડનુ રેકેટ ચલાવી ૬૦૦ થી વધુ સિમકાર્ડ હસન દ્વારા ડીગ જિલ્લા ખાતે મોકલી આપવામાં આવેલ છે. જે તમામ સિમ કાર્ડ અલગ-અલગ સાયબર ક્રાઈમના ગુનાઓમાં ઉપયોગ થયેલ છે.

આ સમગ્ર કાર્યવાહીમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસને દ્વારકા, ખંભાળિયા, આણંદ, અંબાજી, પહાડી (રાજસ્થાન), ગોધરા વિગેરે પોલીસ મથકના ૧૦ જેટલા ગુનાઓનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે.

આ સમગ્ર કાર્યવાહી દેવભૂમિ દ્વારકા જિલ્લા સાઈબર ક્રાઈમ સેલના પી.આઈ. એ.વાય. બલોચ, પી.આઈ. જે.જે. ચૌહાણ, વાડીનાર મરીન પોલીસ મથકના પી.એસ.આઈ. એ.બી. જાડેજા, સુનીલભાઈ વી. કાંબલીયા, ઈરફાનભાઈ ખીરા, ધરણાંતભાઈ બંધિયા, મુકેશભાઈ એ. કેશરીયા, હેમંતભાઈ કરમુર, રાજુભાઈ ઢેબાણીયા, લાખાભાઈ પીંડારીયા, સંજયભાઈ બરારીયા, હેભાભાઈ ચાવડા, પબુભાઈ ગઢવી, મુકેશભાઈ નંદાણીયા, વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

સીમકાર્ડ લે-વેચ તેમજ વિવિધ પ્રકારના વોટ્સએપ કોલ અને ઓનલાઈન પેમેન્ટ વિગેરે બાબતે જાગૃત રહેવા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા જિલ્લાની જનતાને અપીલ કરવામાં આવી છે.

## ઓખામાં મળી આવેલા માસુમ બાળકનું માતા સાથે મિલન: મરીન પોલીસની નોંધપાત્ર કામગીરી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૯

ઓખામાં આવેલી પેસેન્જર જેટી પાસે મરીન પોલીસ વિભાગ દ્વારા શનિવારે ચાલી રહેલા પેટ્રોલિંગ દરમિયાન પાંચ વર્ષનું વિખૂટું એક પડેલું બાળક મળી આવ્યું હતું. આ બાળકને વ્યથિત હાલતમાં જોતા મરીન પોલીસે પરિસ્થિતિ પારખીને આ બાળકના માતાને શોધતી કાઢવા માટે જુદી જુદી દિશાઓમાં તપાસ આરંભી હતી.

આ બાળક પોલીસને પોતાનું નામ પણ કહેતો ન હતી અને એક બસમાં તે આવેલો હોવાનું જણાવતો હતો. જેથી ઓખા મરીન પોલીસે આ અંગે તાત્કાલિક મીઠાપુર અને દ્વારકા પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. પોલીસની આ કામગીરી દરમિયાન ઉપરોક્ત બાળકના માતાને દ્વારકા ખાતેથી શોધી કાઢી અને ઓખા પોલીસનો સંપર્ક કરાવ્યો હતો. અમદાવાદથી મહિલાઓના સંઘમાં આવેલા ઉપરોક્ત પાંચ વર્ષના બાળકના માતા પાસે કોઈ વાહન ન હોય અને રાત્રીના સમયે ઓખા જવા માટે કોઈ વાહનની વ્યવસ્થા પણ ન હોવાથી દ્વારકા પોલીસ દ્વારા એક ખાનગી વાહન મારફતે આ મહિલાની સુરક્ષા માટે એક ટીઆરબીના જવાનને સાથે મોકલીને ઓખા પોલીસ મથક પહોંચાડ્યા હતા. જ્યાં માતા બાળકનું મિલન થયું હતું.

આમ, દેવભૂમિ દ્વારકા પોલીસને ઓખા ખાતે ગુમ થયેલા પાંચ વર્ષના બાળકને ગણતરીના કલાકોમાં તેના માતાને સોંપવામાં સફળતા મેળવી હતી.

## દ્વારકાના વિપ્ર આસામી દ્વારા સંબંધના દાવે કૌટુંબિક પરિવારજનોને રહેવા માટે આપેલું મકાન પચાવી પાડતા પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૯

દ્વારકામાં રહેતા એક વિપ્ર આસામીએ તેમના કૌટુંબિક પરિવારજનોને નબળી આર્થિક પરિસ્થિતિના કારણે રહેવા આપેલું મકાન તેઓએ પચાવી પાડતા આ પ્રકરણમાં મહિલાઓ સહિત કુલ પાંચ સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે દ્વારકા તાલુકાના ઓખાના નવીનગરી વિસ્તારમાં રહેતા દિવ્યકાન્તભાઈ ઉર્ફે દિવ્યેશ વિષ્ણુપ્રસાદ જોષી નામના ૪૯ વર્ષના બ્રાહ્મણ યુવાને દ્વારકા પોલીસમાં જાહેર કરેલી વિગત મુજબ દ્વારકાના બિરલા પ્લોટ વિસ્તારમાં આવેલી તેમની રેવન્યુ સર્વે નંબર ૩૩/૧ જમીનના પ્લોટ નંબર ૧૬ પર તેઓએ બનાવેલું મકાન તેમના નજીકના સંબંધી એવા રાજેશભાઈ છોટાલાલ જોષીની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તેમને રહેણાંક હેતુ માટે આપ્યું હતું.

વર્ષ ૨૦૦૪માં ફરિયાદી દિવ્યકાન્તભાઈ જોષીએ રાજેશભાઈ છોટાલાલ જોષીને આપેલું આ મકાન થોડા સમય પૂર્વે ખાલી કરવાનું કહેતા આરોપી રાજેશભાઈ તેમજ તેમના પરિવારના અસ્મિતાબેન રાજેશભાઈ જોષી, કોમલબેન રાજેશભાઈ જોષી, કિંજલબેન રાજેશભાઈ જોષી તેમજ ધવલ રાજેશભાઈ જોષીએ આ મકાન ખાલી કર્યું ન હતું. આમ, નબળી આર્થિક પરિસ્થિતિના કારણે આપવામાં આવેલું મકાન ખાલી ન કરીને ગેરકાયદેસર રીતે આ જગ્યા પચાવી પાડવા સબબ દ્વારકા પોલીસે દિવ્યકાન્તભાઈ ઉર્ફે દિવ્યેશભાઈ જોષીની ફરિયાદ પરથી પાંચેય આરોપીઓ સામે લેન્ડ ગ્રેબિંગની ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ પ્રકરણમાં આગળની તપાસ એ.એસ.પી. રાઘવ જૈન ચલાવી રહ્યા છે.

આ આખા દેશમાં ફક્ત આટલા જ લોકો રહે છે

## માઈક્રોનેશન મોલોસિયામાં ત્રણ શ્વાન અને ત્રણ માણસો રહે છે

### માઈક્રોનેશન ૧૧ એકરમાં આવેલું છે, વિશ્વ તેને ગ્રાન્ડ રિપબ્લિક ઓફ ગોલ્ડસ્ટેઈન અથવા રિપબ્લિક ઓફ મોલોસિયા કહે છે

નવી દિલ્હી, તા.૨૦

હાલમાં સમગ્ર વિશ્વમાં ૨૨૫ દેશો છે. કેટલાક દેશો ખૂબ મોટા છે અને કેટલાક ખૂબ નાના છે. અમુક દેશોમાં અબજો લોકો વસે છે જ્યારે અમુક દેશોમાં માત્ર થોડા હજાર કે લાખો લોકો રહે છે. જો કે, અમે જે દેશમાં વાત કરી રહ્યા છીએ, ત્યાં હાલમાં માત્ર ત્રણ શ્વાન અને ત્રણ માણસો રહે છે. અમે જે દેશની વાત કરી રહ્યા છીએ તે હકીકતમાં દેશ નથી પરંતુ તમે તેને માઈક્રોનેશન કહી શકો છો. કારણ કે તેની પોતાની નૌકાદળ, નૌકાદળ એકેડમી, પોસ્ટલ સેવા, બેંકો, અવકાશ કાર્યક્રમ, રેલમાર્ગ અને ઓનલાઈન રેડિયો સ્ટેશન છે. આ દેશ અમેરિકાના નેવાડામાં સ્થિત છે.

આ માઈક્રોનેશન ૧૧ એકરમાં આવેલું છે. વિશ્વ તેને ગ્રાન્ડ રિપબ્લિક ઓફ ગોલ્ડસ્ટેઈન અથવા રિપબ્લિક ઓફ મોલોસિયા કહે છે. તેની સ્થાપના ૧૯૭૭માં થઈ હતી. જો આ દેશની વસ્તીની વાત કરીએ તો તે માત્ર ૩૮ છે. જો કે હાલમાં અહીં માત્ર ત્રણ શ્વાન અને ત્રણ માણસો જ રહે છે. મોલોસિયા ગણરાજ્ય ભલે પોતાનામાં એક દેશ કહેવાય છે, પરંતુ તેને હજુ સુધી સંયુક્ત રાષ્ટ્ર તરફથી માન્યતા નથી મળી. આ દેશના રાષ્ટ્રપતિનું નામ છે કેવિન વૉઘ. જ્યારે તમે આ દેશમાં પહોંચશો, ત્યારે તમને રાષ્ટ્રપતિ કેવિન વૉઘના નામની નીચે લખેલું સંપૂર્ણ શીર્ષક જોવા મળશે -હિઝ એક્સિલેન્સી ગ્રાન્ડ એડમિરલ કર્નલ કેવિન વૉઘ, મોલોસિયાના રાષ્ટ્રપતિ અને રઈસ, રાષ્ટ્રના રક્ષક અને લોકોના સંરક્ષક. વળી આ દેશમાં ફરવા આવતા લોકોને એક વસ્તુનું ખૂબ જ ધ્યાન રાખવું પડે છે. હકીકતમાં, આ દેશમાં કેટફિશ અને ડુંગળી બિલકુલ બેન છે. એટલેકે, તમે અહીં બે વસ્તુઓને લઈને નથી જઈ શકતાં. જો તમે એવું કર્યુ તો તમને જેલ પણ થઈ શકે છે.

## મહિલાઓને પુરૂષોની તુલનામાં થાય છે દારૂથી વધુ નુકસાન

નવી દિલ્હી, તા.૨૦

દારૂ પીવું કોઈના માટે પણ ફાયદાકારક નથી, પછી તે સ્ત્રી હોય કે પુરુષ. પરંતુ તાજેતરના સંશોધનમાં મહિલાઓના ડ્રિંકિંગ વિશે કંઈક વિચિત્ર બાબતનો ખુલાસો થયો છે. આ રિસર્ચમાં જાણવા મળ્યું છે કે આલ્કોહોલ લૈંગિકતાના આધાર પર પણ અસર કરે છે. આલ્કોહોલ પુરુષો કરતાં સ્ત્રીઓ માટે વધુ નુકસાનકારક છે. નેશનલ સેન્ટર ઑફ ડિસીઝ કંટ્રોલએ પણ પુષ્ટી કરી છે કે દારૂ પીવાથી પુરુષો કરતાં સ્ત્રીઓમાં વધુ ખતરનાક અસરો થાય છે. હાર્વર્ડ હેલ્થમાં પ્રકાશિત એક રિપોર્ટ અનુસાર, દારૂની ખતરનાક અસરો મહિલાઓ પર વધુ ગંભીર હોય છે. તેની પાછળનું કારણ એ છે કે સામાન્ય રીતે સ્ત્રીઓમાં પુરૂષોની સરખામણીએ શરીરમાં ચરબી વધુ હોય છે. પાણીનું પ્રમાણ ઓછું હોય છે. આલ્કોહોલ પાણીમાં આસાનીથી ઓગળી જાય છે, તેથી સ્ત્રીઓના શરીરમાં પાણી ઓછું હોય છે. પુરુષો કરતાં શરીરનું વજન ઝડપથી વધે છે. લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ વધે છે. તેથી સ્ત્રીઓએ વધુ પડતો દારૂ ન પીવો જોઈએ. કારણ કે મહિલાઓને દારૂ પીધા પછી તરત જ નશો થવા લાગે છે.

મહિલાઓને દારૂ પચાવવામાં ઘણી તકલીફ પડે છે. સ્ત્રીઓમાં આલ્કોહોલ ધીમે ધીમે પચે છે. જેના કારણે આલ્કોહોલ તેમની સિસ્ટમમાં લાંબા સમય સુધી રહે છે. જેના કારણે પેટ પર તેની ગંભીર અસર થાય છે. સતત દારૂ પીવાથી લીવરને નુકસાન થાય છે અને મહિલાઓનું લીવર પુરૂષોની સરખામણીએ વધુ સંવેદનશીલ હોય છે. મહિલાઓમા આલ્કોહોલિક લીવરની બીમારી વધુ ઝડપથી ફેલાય છે. વધુ પડતા આલ્કોહોલ પીવાને કારણે આવું થાય છે. આ સિરોસિસ અને આલ્કોહોલ દ્વારા સ્ત્રીઓને થતા ખતરનાક નુકસાનને કારણે થાય છે. સ્ત્રીઓ તેમના માસિક ચક્રના અમુક તબક્કાઓ દરમિયાન વધેલી સંવેદનશીલતા અને નુકસાનમાં વધારો અનુભવી શકે છે. આલ્કોહોલના સેવનને નિયંત્રિત કરવા માટે સ્ત્રીઓ માટે આ હોર્મોનલ અસરોને સમજવી મહત્વપૂર્ણ છે. Breastcancer.org મુજબ, સંશોધન દરમિયાન દારૂના સેવન અને સ્તન કેન્સરના વધતા જોખમ વચ્ચેની કડી સૂચવે છે. જે મહિલાઓ આલ્કોહોલનું સેવન કરે છે તેમને સ્તન કેન્સર થવાની શક્યતા વધુ હોય છે. આ જોખમ એ ચિંતાજનક પાસું છે જે મહિલાઓમાં આલ્કોહોલને લગતી આરોગ્ય અસરો વિશે જાગૃતિની જરૂરિયાત પર ભાર મૂકે છે. મહિલાઓ દારૂના સેવનથી સંબંધિત માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથે સંઘર્ષ કરે છે, જેમાં હતાશા અને ચિંતાનો સમાવેશ થાય છે.

# કેશોદનાં વિવિધ વોર્ડમાં યોજાઇ સુર્ય નમસ્કાર યોગ સ્પર્ધા



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૦

દેશ વિદેશમાં આજે યોગ શબ્દ ખુબ જ પ્રચલિત થઈ રહયો છે. ઋષિ મુનિઓએ જેનું મહત્વ સમજાવ્યુ છે એવા યોગ વિશે માનવી આજે જાગૃત થયો છે, યોગનો અર્થ સમજીએ તો યોગસૂત્રના રચનાકાર મહર્ષિ પતાજલી યોગની વ્યાખ્યા આપતાં કહે છે યોગ ચિતવૃત્તિ નિરોઘ અર્થાત યોગ એટલે ચિત્તાની વૃત્તિઓનો નિરોઘ. આપણું મન (ચિત્ત) અનેક પ્રકારની વૃત્તિઓથી ઘેરાયેલુ છે. જે મનને સ્થિર રહેવા દેતું નથી. આપણુ મન ખુબ જ ચંચળ અને અસ્થિર હોય છે. યોગ મનને સ્થિર રાખવા માટેનું ઉત્તમ સાધન છે.વાસ્તવમાં યોગ એ મનોવિજ્ઞાન છે. ચિત્તાની વૃત્તિઓના નિયંત્રણ દ્વારા નકામા વિચારો દૂર કરી સ્વયંના વિકાસમાં ઉપયોગી થાય એવા વિચારોને સ્થિર કરવા એ યોગનું લક્ષ્ય છે. મહર્ષિ યાજ્ઞવલ્કય યોગનો અર્થ સમજાવતાં કહે છે કે, સંયોગો યોગ ઈત્યુકતો જીવાત્મા-પરમાતમ્યો અર્થાત જીવાત્મા અને પરમાત્માનો સંયોગ એટલે યોગ. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, ''દરેક વ્યક્તિ દિવ્યતા પ્રાપ્ત કરવાની સંભાવના ઘરાવે છે '' આપણામાં છુપાયેલી આ દિવ્યતા સાથે આપણો મિલાપ કરાવી દે અર્થાત દિવ્યતાને પ્રગટ કરે તે યોગ.

યોગ પ્રણાલીઓ તથા સાહિત્યના સુવ્યવસ્થિત દસ્તાવેજીકરણ દ્વારા આ ક્ષેત્રની જાણકારી અને વિકાસમાં મોટો ફાળો આપ્યો છે. પ્રાચીન સમયથી આજ સુધી વિખ્યાત યોગ ગુરૂઓના ઉપદેશો દ્વારા યોગનો તમામ વિશ્વમાં ફેલાવો થયો છે. આજે રોગનિવારણ , સ્વાસ્થ્યની જાળવણી તથા વૃદ્ધિ માટે યોગ પ્રણાલી ઉપર સહુને દૃઢ વિશ્વાસ છે. સમસ્ત વિશ્વમાં લાખો લોકોને યોગાભ્યાસ દ્વારા લાભ થયો છે અને યોગ પ્રથા દિવસેને દિવસે વધુ ને વધુ ફાલતી ને સ્પંદિત થતી જાય છે. ત્યારે જૂનાગઢ જિલ્લાનાં કેશોદ શહેરનાં વિવિધ વોર્ડમાં આજથી સુર્યનમસ્કાર યોગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામ પણ એનાયત થનાર હોવાનું યોગ બોર્ડનાં ગૌરાંગ નરેએ જણાવ્યુ હતુ.

આ તકે સાવલીયા જલ્પાબેને કેશોદ શહેરમાં સુર્યનમસ્કાર યોગ સ્પર્ધાની જાણકારી આપી હતી અને યોગથી થતા લાભોની વિગતો રજુ કરી હતી. બંસી પાનસુરીયાએ સુર્યનમસ્કાર સ્પર્ધામાં જોડાઈને સૌએ પોતાનાં સ્વાસથ્ય સંદર્ભે જાગૃત થવા જણાવ્યુ હતુ. કોરોના કાળમાં યોગ થી ઉપચાર કરવામાં આવ્યો હતો અને આતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય સંસ્કૃતિ હેઠળ ના યોગ નું જ્ઞાન અને માહિતી મેળવી રહ્યા છે અને મલ્ટીનેશનલ કંપનીઓ અને કોર્પોરેટ ક્ષેત્રમાં યોગ શિક્ષકોને નિમણૂંક કરવામાં આવે છે ત્યારે કેશોદ ખાતે રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત સુર્ય નમસ્કાર સ્પર્ધા કાર્યક્રમ નો પુરતાં પ્રમાણમાં પ્રચાર પ્રસાર કરવામાં ન આવતાં છેવાડાના નાગરિકો યોગ મા રુચિ હોવા છતાં વંચિત રહ્યાં હતાં.

## માંગરોળ પોલીસ સી ટીમે ભટકી ગયેલા વયોવૃદ્ધનું પરિવાર સાથે મિલન કરાવ્યું



(યુસુફ ચુડલી દ્વારા)

માંગરોળ તા.૨૦

માંગરોળ પોલીસ ની સી ટીમ એ દાદા દાદીના દોસ્ત હોવાનું અને પોલીસ પ્રજાનો મિત્ર છે એ સર્થક કરી બતાવ્યું છે. માંગરોળ ના હુસેનખા શેરખા બેલીમ ઉંમર વર્ષ ૯૦ ઘરેથી મંગળવારે સાડા ત્રણ વાગ્યે લાઈટરમાં ગેસ ભરાવવાનું કહી નીકળી ગયેલ અને તેઓ પોતાના ઘરનું રસ્તો ભૂલી ગયેલ અને બસ સ્ટેન્ડ તરફ ભટકી રહ્યા હતા ત્યાંથી કોલ આવતા જણાવેલ કે એક વૃદ્ધ દાદા પોતાનું ઘર ભૂલી ગયેલ છે. તેઓને કંઈ યાદ નથી કે હું ક્યાંથી આવું છું. માંગરોળ પોલીસ સી ટીમના હેડ સમીનાબેન બેલીમ, HC હંસાબેન પરીયા તથા PC રાજાભાઈ ગરચર નાઓ પીસીઆર લઈ બસ સ્ટેન્ડ પહોંચેલ અને ત્યાંથી દાદા ને પીસીઆર માં બેસાડી બધામાં પૂછપરછ કરેલ તો જાણવા મળેલ કે તેઓ માતરી મંદિર પાસે રહેતા હોય. જમાદાર સમીનાબેન અને તેમની ટીમે તેમના ઘરે જઈ પોતાના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. માંગરોળ પોલીસની આ કામગીરી ની સરહાના થઈ રહી છે.

# જૂનાગઢના ઝાંઝરડા ચોકડી પાસે ઓઘડનગર જવાના રસ્તા ઉપરથી કારમાંથી ઈંગ્લીશ દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરના ઝાંઝરડા ચોકડી પાસે, જુના એલપીજી પંપની બાજુમાં, ઓઘડનગર જવાના રસ્તા ઉપરથી પોલીસે એક કારમાંથી ઈંગ્લીશ દારૂની બોટલ વિગેરે મળી કુલ રૂા.૧,૩૨,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરેલ છે. જયારે હાજર નહી મળી આવેલ શખ્સ વિરૂધ્ધ પ્રોહિબિશન અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે.

આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર બી ડીવીઝન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વનરાજસિંહ બનેસિંહે જાતે ફરિયાદી બની અને હાજર નહી મળી આવેલ ઈમરાન આમીરમીયા બુખારી રહે.ડુંગરપુર તા.જૂનાગઢ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જા ભોગવટાવાળી ફોરવ્હિલ કાર નં.જીજે-૦૧-એચએમ-૭૩૮૦કિ.રૂા.૧,૦૦,૦૦૦માં ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમ.એલની ફોર સેલ ઈન મધ્યપ્રદેશ ઓન્લી લખેલ પ્લાસ્ટીકની બોટલ નંગ-૫૮ કિ.રૂા.૨૩,૨૦૦ તથા ૧૮૦ એમએલની ફોર સેલ ઈન મધ્યપ્રદેશ ઓન્લી લખેલ પ્લાસ્ટીકની નાની-નાની બોટલ(ચપટા) નંગ-૯૬ કિ.રૂા.૯૬૦૦ મળીને કુલ કિ.રૂા.૧,૩૨,૮૦૦ મતાનો મુદ્દામાલ રાખી હાજર નહી મળી આવી ગુનો કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા આરોપી વિરૂધ્ધ પ્રોહિબિશન અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે. જેની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ ચલાવી રહી છે.

## નવાગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન



(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તિર્થ તા.૨૦

દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકારના નવ વર્ષ પૂર્ણ થતા સમગ્ર દેશમાં થયેલા ઐતિહાસિક વિકાસ કામોની ગાથા ને વર્ણવતી વિકસિત ભારત સંકલ્પ યાત્રા આજે સુત્રાપાડા તાલુકા નવાગામ ગામ ખાતે રથ આવતા તેમનું ભવ્ય સ્વાગત કરી પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આતકે ઉપસ્થિતિમાં ગીર સોમનાથ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન બાબુભાઈ પરમાર સુત્રાપાડા તાલુકાના ભાજપ પ્રમુખ પ્રતાપ સિંહ બારડ જશું ભાઈ સોલંકી સદસ્ય શ્રી તાલુકા પંચાયત ગામ સરપંચ પ્રતાપ ભાઈ બાભાણિયા ઉબરી ગામ સરપંચ ભગવાનભાઈ પપાણીયા ઉપસરપંચ રામસિંહભાઈ માજી સરપંચ નાથા ભાઈ માજી સરપંચ રાજાભાઈ ગામ સેવક સચિન ભાઈ ડો.બાબુભાઈ તલાટી મંત્રી આચાર્ય સરકારી કર્મચારી ગણ, ગામજનો બહેનો, ભાઈઓ, બાળકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સરકારી શ્રી વિવિધ યોજના લાભ લીધો હતો.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

## જૂનાગઢ જીલ્લાનાં બુટલેગર મહાવીર શેખવા અને રાજેશ વાળા પાસા હેઠળ ધકેલાયા



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ જીલ્લામાં ગેરકાયદેસર પ્રવૃતિ કરતા વિસાવદર તાલુકાનાં વીરપુર (શેખવા ગામ)ના બુટલેગર મહાવીર ઉમેદભાઈ શેખવા અને બિલખા તાબેનાં ઉમરાળા ગામનાં રાજેશ ઉર્ફે લાલો ભુપતભાઈ વાળાને જૂનાગઢ ક્રાઈમ બ્રાંચે પાસા હેઠળ ઝડપી સેન્ટ્રલ જેલ અમદાવાદ તથા સુરત ખાતે મોકલી આપેલ છે. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ ડી.કે. ઝાલા, નિકુલભાઈ પટેલ, જીતેષ મારૂ, વનરાજ ચાવડા, પુનાભાઈ હુણ વગેરે રોકાયેલ હતાં.

# ૨૦૨૪ની ચૂંટણીને લક્ષ્યમાં રાખીને રાહુલ ગાંધી રોજગાર, મોંઘવારી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા યાત્રા ૨.૦ માટે તૈયાર

નવી દિલ્હી તા.૨૦

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી આવતા મહિને બીજી યાત્રા શરૂ કરશે-તે ઉત્તર-પૂર્વમાં કરવામાં આવશે અને તેને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટેના તેમના પ્રચાર માટે મુખ્ય છે. પરંતુ કન્યાકુમારીથી કાશ્મીર ભારત જોડો યાત્રાથી વિપરીત, આ વખતે બેરોજગારી અને મોંઘવારી જેવા આજીવિકાના મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. રાહુલ ગાંધી બેરોજગારી જેવા મુદ્દા સાથે તાજેતરના સંસદમાં સુરક્ષા ભંગ સાથે ચર્ચાને આગળ વધારશે. તેમણે પ્રથમ વખત આ મુદ્દા ઉપર જાહેરમાં વાત કરી. તેમને લાગે છે કે, નોકરીઓએ ભાવનાત્મક વિષય છે. ગાંધીએ નવી દિલ્હીમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મુખ્યાલયમાં પત્રકારોને જણાવ્યું હતું કે, સુરક્ષા ભંગ થયો છે. પણ એવું કેમ થયું ? દેશમાં સૌથી મોટો મુદ્દો બેરોજગારીનો મુદ્દો છે જે સમગ્ર દેશમાં સામે આવી રહ્યો છે. મોદીની નીતિઓને કારણે ભારતના યુવાનો નોકરી શોધી શકતા નથી. સુરક્ષા ભંગ થયો છે, પરંતુ તેની પાછળ



બેરોજગારી અને મોંઘવારી કારણભૂત છે. કોંગ્રેસ અને ઈન્ડિયા જૂથના અન્ય વિપક્ષી પક્ષોએ ગુરૂવાર અને શુક્રવાર સંસદને અટકાવી દીધી હતી, જેના પરિણામે ૧૪ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને તેઓએ સુરક્ષામાં ખામી અંગે શાહનું નિવેદન માંગ્યું હતું. જયાં સુધી ગૃહમંત્રી ગૃહમાં નિવેદન ન આપે ત્યાં સુધી તેઓએ સંસદની કામગીરી ખોરવી નાખવાનો સંકલ્પ લીધો છે. કોંગ્રેસના કેટલાક સંસદીય નેતાઓને લાગે છે કે આ મુદ્દો સરકારના વિરોધ માટે એક સશક્ત મુદ્દો છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસે ભૂતકાળમાં ઘણી વખત બેરોજગારી અને મોંઘવારી મુદ્દે સરકાર ઉપર નિશાન સાધ્યું હતું. આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ જુલાઈ ૨૦૨૨થી જુલાઈ ૨૦૨૩ના સમયગાળા માટે સામયિક શ્રમ દળ સર્વે દર્શાવે છે કે બેરોજગારીનો દર છેલ્લા વર્ષ કરતાં ૬.૬ ટકાથી ઘટીને ૫.૧ ટકા થયો છે. લગભગ ૧૪ રાજ્યોએ રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ શહેરી બેરોજગારીનો દર છે.

સૂત્રોએ જણાવ્યું કે ગાંધીની યાત્રા ઉપર કામ કરવામાં આવી રહ્યું છે. એક નેતાએ કહ્યું કે, આ યાત્રા જાન્યુઆરીમાં પૂર્વોત્તર રાજ્યોમાંથી શરૂ થશે. તેઓ રેલીઓને સંબોધિત કરશે. આ યાત્રા લોકસભા ચૂંટણીમાં રાહુલનું પ્રચાર હશે. અલબત્ત, ઈન્ડિયા બ્લોકની પાર્ટીઓ સાથે સંયુક્ત રેલીઓ થશે, પરંતુ તેમનું ધ્યાન યાત્રા ઉપર રહેશે. આ યાત્રા અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ અથવા પૂર્વી આસામના કોઈ સ્થાનથી શરૂ થઈ શકે છે જ્યાં પૂર્વોત્તર રાજ્યોના તમામ નેતાઓ સાથે હશે. તે એક હાઈબ્રિડ યાત્રા હશે જ્યાં પરિવહનના તમામ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં પાર્ટીની શરમજનક હારથી નિરાશ થઈ ગયેલા ગાંધીને આશા છે કે તેઓ લોકસભા ચૂંટણી પ્રચારમાં જે મુદ્દાઓ ઉજાગર કરવા માંગે છે તે યાત્રા સાથે સંગઠનમાં તાજગી ભરશે. આ યાત્રાને ભારત જોડો યાત્રા ૨ કહેવાશે કે, કેમ તે અંગે પૂછવામાં આવતા એક નેતાએ કહ્યું કે, આખરી નિર્ણય લેવાનો બાકી છે. ભારત જોડો યાત્રાનો મોટો સંદેશ નફરતની રાજનીતિ વિરૂદ્ધ હતો. આગામી યાત્રાનું ફોકસ રોજગારી અને મોંઘવારી જેવા આજીવિકાના મુદ્દાઓ ઉપર રહેશે. કેટલાક નેતાઓને લાગે છે કે તેને ભારત જોડો યાત્રા ૨ કહેવી જોઈએ કારણ કે તે એક બ્રાન્ડ છે. કેટલાકને લાગે છે કે યાત્રાનું નવું નામ હોવું જોઈએ. રાહુલ ગાંધીએ ગયા વર્ષે ૭ સપ્ટેમ્બરે કન્યાકુમારીથી ભારત જોડો યાત્રા શરૂ કરી હતી. તે ૧૨ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં લગભગ ૪૦૦૦ કિ.મી.ની મુસાફરી કર્યા પછી ૩૦ જાન્યુઆરીએ શ્રીનગરમાં સમાપ્ત થઈ હતી.

# ભવનાથમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલતી જૂનાગઢ ક્રાઈમ બ્રાંચ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢનાં ભવનાથ ખાતે લાલ સ્વામીની જગ્યામાં ૧૬ ડીસેમ્બરનાં રોજ યોજાયેલ લગ્ન સમારંભમાં સોનાનું મંગલસુત્ર, સોનાની બુટી, મોબાઈલ-૩, બે એટીએમ કાર્ડ વગેરે દસ્તાવેજોની ચોરી કરનાર અનીકેશ સીતારામ સાંસી ઠાકોર રહે. મંગાવલી, જી. અશોકનગર (મધ્યપ્રદેશ) અને કાયદાના સંકજામાં આવેલ કિશોર રહે. કડીયા સાંસી, તા. પીચોર, જી. રાજગઢ (મધ્યપ્રદેશ)ને જૂનાગઢ ક્રાઈમ બ્રાંચે અશોકનગરનાં ગેઈટ પાસેથી ઝડપી લીધેલ છે. જેની પાસેથી સોનાનું મંગલસુત્ર, સોનાની બુટી, રોકડ રૂા. ૮૦૦૦, મોબાઈલ-૩, એટીમેકાર્ડ વગેરે દસ્તાવેજો સહીતનો મુદામાલ કબ્જે કરી ભવનાથ પોલીસ સ્ટેશને સોંપી આપેલ છે. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ ડી.કે. ઝાલા, નિકુલભાઈ પટેલ, આઝાદસિંહ સીસોદીયા, ઈન્દ્રજીતસિંહ ઝાલા, જીતેષ મારૂ વગેરે રોકાયેલ હતાં.

## પટેલ કેળવણી મંડળ જૂનાગઢ સંચાલિત શૈક્ષણીક સંસ્થાઓના વાર્ષિકોત્સવ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦ : જૂનાગઢની જાણીતી શૈક્ષણીક સંસ્થા પટેલ કેળવણી મંડળ જૂનાગઢ સંચાલિત શ્રીમતી આર.એસ. કાલરીયા પ્રાયમરી સ્કૂલ અંગ્રેજી, ગુજરાતી માધ્યમ તથા એન.પી. ભાલોડીયા હાઈસ્કૂલ અંગ્રેજી, ગુજરાતી માધ્યમનો વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ કલર-૨૦૨૩ આગામી તા.૨૨, ૨૩ અને ૨૪ ડિસેમ્બર ૨૦૨૩ના દિવસોમાં ભારે ઉત્સાહભેર ઉજવવામાં આવનાર છે. આ કાર્યક્રમ જાવીયા રંગભૂમિ કાલરીયા સ્કૂલ પરીસર, કોલેજ રોડ, જૂનાગઢ ખાતે યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના અગ્રણી, આગેવાનો, મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે. આયોજકો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે અને આમંત્રીત મહેમાનોને નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## અમદાવાદના વિકાસના પ્રકલ્પો દર્શાવતા પ્રદર્શનને ખૂલ્લુ મૂકતા મુખ્યમંત્રી

# ગુજરાતના સર્વાંગી વિકાસને કારણે વિદેશી કારોબારીઓની પ્રથમ પસંદ

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે જણાવ્યું હતું કે, દેશ જ નહીં પણ દુનિયાભરના લોકોને વડાપ્રધાન મોદી ઉપર ખૂબ વિશ્વાસ છે. તેમના નેતૃત્વ અને નીતિને કારણે દુનિયાના અનેક દેશો ભારત સાથે કારોબાર કરવા ઉત્સુક છે. આ સાથે મુખ્યમંત્રીએ વાયબ્રન્ટ સમીટ નિમિત્તે પોતાની જાપાન અને સિંગાપોરની યાત્રાના અનુભવ વર્ણવ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતના સર્વાંગી વિકાસને કારણે વિદેશી કારોબારીઓ અને રોકાણકારોની પહેલી પસંદ ગુજરાત બન્યું છે. ત્યારે વડાપ્રધાને આપેલા વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સૌનો સહયોગ જરૂરી છે આગામી સમયમાં ગુજરાતમાં રોકાણ અને કારોબારમાં વધારો થવાથી અમદાવાદના વિકાસને પણ વેગ મળશે એમ જણાવી તેમણે સ્વચ્છતા, રોડ-રસ્તાઓ સહિતની માળખાકીય સુવિધા બાબતે ચોકસાઈ રાખવા તેમણે કાઉન્સિલર્સને ટકોર પણ કરી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા નિર્મિત તમામ યોજનાઓના કેન્દ્રમાં નાનામાં નાના માણસનું હિત સમાયેલું હોય છે. આ યોજનાઓનો મહત્તમ લાભ નાગરિકો સુધી પહોંચે તેવો પ્રયાસ કરવાની આપણી સહિયારી જવાબદારી છે. આયુષ્યમાન ભારત યોજનાને દુનિયાની સૌથી મોટી આરોગ્ય યોજના ગણાવી તેમણે કહ્યું કે, આ યોજનાથી આજે ગરીબ લોકોને ગંભીર રોગોની સારવાર નિઃશુલ્ક મળી રહી છે. આયુષ્યમાન યોજના એ નારેન્દ્રભાઈએ આપેલી સુસ્વાસ્થ્યની ગેરંટી છે. કોરોના કાળનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ કહ્યું કે, રસીકરણ અભિયાન દરમ્યાન ડિજિટલ ઈન્ડિયાની સફળતા આખી દુનિયાએ જોઈ. સાથો સાથ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, કિસાન સન્માન નિધિ સહિતની જનકલ્યાણની યોજનાઓની ૧૦૦% અમલવારી થશે ત્યારે ભારત વિકસિત રાષ્ટ્ર બનશે. આજના પ્રસંગે મુખ્યમંત્રીએ અમદાવાદના વિવિધ પ્રકલ્પો દર્શાવતી પ્રદર્શની પણ ખૂલ્લી મૂકી હતી. આ અવસારે અમદાવાદ શહેર ભાજપ અધ્યક્ષ અને એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહ, અમદાવાદ શહેર મેયર પ્રતિભાબેન જૈન, મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેન તથા કાઉન્સિલરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# નાણાંકીય છેતરપિંડી, સાયબર ક્રાઈમ માટે સરકારે ૧.૩૨ લાખથી વધુ મોબાઈલ ફોન બ્લોક કર્યા : વૈષ્ણવ




નવી દિલ્હી, તા.૨૦

ભારત સરકારે સાયબર ગુનેગારો પાસેથી ૪,૦૦,૦૦૦ નાગરિકોના ૧૦૦૦ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે અને વસૂલ કર્યા છે, કેન્દ્રએ તાજેતરમાં રાજ્ય સભાના સાંસદ સુશીલકુમાર મોદી દ્વારા કપટી મોબાઈલ અને સાયબર ક્રાઈમના ઉપયોગ ઉપર ઉઠાવવામાં આવેલા પ્રશ્નોની શ્રેણી પર સંસદમાં માહિતી આપી હતી. કેન્દ્રીય સંચાર, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ૧,૩૨,૦૦૦ મોબાઈલ કનેક્શન બ્લોક કરવામાં આવ્યા છે અને સરકાર દ્વારા સાયબર ક્રાઈમ અને નાણાકીય છેતરપિંડી સાથે જોડાયેલા વધારાના ૨,૭૮,૦૦૦ કનેક્શન્સ ડિસ્કનેક્ટ કરવામાં આવ્યા છે. વૈષ્ણવે જણાવ્યું હતુ કે, મોબાઈલ છેતરપિંડી સામે લડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલી પહેલના ભાગરૂપે બનાવટી દસ્તાવેજો ઉપર મેળવેલ ૫૫૦ કરોડથી વધુ ગેરકાયદે મોબાઈલ કનેક્શન્સને પણ અવરોધિત કરવામાં આવ્યા છે. તેમણે જવાબ આપ્યો કે, સરકારે છેતરપિંડી કરનારા મોબાઈલ કનેક્શનને શોધવા માટે એક સિસ્ટમ વિકસાવી છે. એકવાર શોધી કાઢ્યા પછી ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ (TSPs)ને આવા મોબાઈલ કનેક્શન્સની ફરીથી ચકાસણી હાથ ધરવા માટે નિર્દેશિત કરવામાં આવે છે. તેમણે સંસદમાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, પુર્નઃ ચકાસણીમાં નિષ્ફળ થવા ઉપર આવા મોબાઈલ કનેક્શન્સને ડિસ્કનેક્ટ કરવામાં આવે છે. સરકારે એક પોર્ટલ પણ વિકસાવ્યું છે. સંચાર સાથી જે વપરાશકર્તાઓને તેમના નામે જારી કરાયેલા મોબાઈલ કનેક્શનની તપાસ કરવાની અને ગેરકાયદેસર કનેક્શનની જાણ કરવાની મંજૂરી આપે છે. તે વપરાશકર્તાઓને તેમના ચોરાયેલા અથવા ખોવાયેલા ફોનની જાણ કરવાની પણ મંજૂરી આપે છે, ત્યારબાદ તમામ TSPs ઉપર નંબરો બ્લોક થઈ જાય છે, વૈષ્ણવે લખ્યું. તેમણે કહ્યું કે, નાગરિકો મોબાઈલ અથવા લેન્ડલાઈન નંબર વડે મળેલા આંતરરાષ્ટ્રીય કોલની જાણ પણ કરી શકે છે. કેન્દ્રીય મંત્રીએ માહિતી આપી હતી કે, ટેક્સ્ટ-આધારિત સાયબર છેતરપિંડી અટકાવવા માટે ટેક્સ્ટ સંદેશાઓના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) વિશ્લેષણને પરિણામે ફેબ્રુઆરી ૨૦૨૩ અને નવેમ્બર ૨૦૨૪ વચ્ચે ટેક્સ્ટ આધારિત સાયબર ક્રાઈમમાં ૩૬% ઘટાડો થયો છે. સરકાર દ્વારા પૂરા પાડવામાં આવેલ ડેટા અનુસાર, ગેરકાયદે મોબાઈલ કનેક્શન સાથે જોડાયેલા ૨,૨૦,૦૦૦ વ્હોટ્સએપ એકાઉન્ટ્સને છૂટા કરવામાં આવ્યા છે અને ૨૦૨૧થી ૧૬૨ ગેરકાયદેસર ટેલિકોમ સેટ અપ્સનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. વૈષ્ણવે જણાવ્યું હતું કે, ૩૬૪થી વધુ કેસો ખામીયુક્ત પોઈન્ટ્સ ઓફ સેલ સામે નોંધવામાં આવ્યા હતા અને ૭૦,૩૧૩ને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા છે. સરકારે જણાવ્યું હતું કે, વધુમાં ૯,૮૩,૦૦૦ ખાતાઓ બેંક્સ અને પેમેન્ટ્સ વોલેટ્સ દ્વારા સ્થિર કરવામાં આવ્યા છે જે ડિસ્કનેક્ટ થયેલા મોબાઈલ ફોન સાથે જોડાયેલા છે. સરકાર દરેકને ૧૯૬૩/૧૮૦૦૧૧૦૪૨૦ ઉપર કપટપૂર્ણ અને શંકાસ્પદ કોલની જાણ કરવાની સલાહ આપે છે.

**ફ્લેટ વેચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં ફર્નિચર સાથે 2 BHK ફ્લેટ વેંચવાનો છે. લીફટની સુવિધા સાથે મો.૯૮૨૪૫ ૯૨૫૫૯

# રાજકોટ જીલ્લાનાં અમરેલી ગામે ૫૦ એકર જમીનમાં આકાર પામશે અત્યાધુનિક કેન્સર હોસ્પીટલ

## ખોડલધામનાં ચેરમેન નરેશભાઇ પટેલે જૂનાગઢનાં લેઉવા પાટીદારોને ખાતમૂહૂર્ત પ્રસંગે પધારવા કર્યુ આહવાન






જૂનાગઢ તા. ૨૦

લેઉવા પાટીદાર સમાજના સંગઠનને મજબુત બનાવવા અને તમામ સમાજની એકતા થાય તે માટે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની સ્થાપના ૦૮-૦૩-૨૦૧૦ના રોજ થઈ હતી. લેઉવા પાટીદાર સમાજનું સંગઠન વધુ મજબૂત થાય અને સંગઠન થકી સર્વ સમાજનો સર્વાંગી ઉત્કર્ષ થાય, એકની શક્તિ અન્યને પણ કામ લાગે અને રાષ્ટ્ર કલ્યાણની ભાવના ઉજાગર થાય તે હેતુથી ખોડીયાર માતાની ધર્મધ્વજા ફરકાવવામાં આવી અને માતાજીના ઐતિહાસિક મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતુ. ખોડલધામ કાગવડ ખાતે માતાજીના સાનિધ્યમાં ટ્રસ્ટ દ્વારા આધ્યાત્મિક પ્રવૃત્તિની સાથો-સાથ જનજાગૃતિ, શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને રમત-ગમત, જ્ઞાતિ વિકાસ માટેનો અવિરત સેવાયજ્ઞ ચાલી રહ્યો છે. ગુજરાત અને હવે વિશ્વભરમાં વસવાટ કરતાં લેઉવા પટેલ સમાજનાં પરિવાર વસુદૈવકુટુંમ્બક્કમની વિભાવનાં આત્મસાત કરીને સૌ સાથે સુખ-દુખનાં સાથીદાર બની ઉભા રહેવાની સંસ્કૃતિનાં રખેવાળ હોવાનાં નાતે ખોડલધામ દ્વારા કૃષિ, સહકાર, શિક્ષણ અને હવે આગામી દિવસોમાં કેન્સર હોસ્પીટલ સાકાર થયે આરોગ્ય ક્ષેત્રે સર્વ સમાજની ચીંતા કરીને આગળ વધી રહ્યા છે. ત્યારે રાજકોટ થી ૨૦ કીલોમિટરનાં અંતરે આવેલ અમરેલી ગામની સીમમાં ૫૦ એક જમિનમાં અત્યાધુનિક કેન્સર હોસ્પીટલ સાકાર થાય તે હેતુ ખોડલધામનાં ચેરમેનશ્રી નરેશભાઈ પટેલ જૂનાગઢ જિલ્લાનાં લેઉવા પટેલ સમાજનાં બાંધવોને તા. ૨૧ જાન્યુઆરીનાં કેન્સર હોસ્પીટલનાં ખાતમૂહૂર્ત પ્રસંગે સહભાગી બનવા આમંત્રીત કરવા જૂનાગઢ ખાતે પધાર્યા હતા. વર્લ્ડક્લાસ સંપુર્ણ સુવિધાયુક્ત કેન્સર હોસ્પીટલ કોઈપણ સમાજનાં બાંધવને ઊપયોગી બની રહે તેવા ઊમદા આશય સાથે નિર્માણ થાય તે માટે જૂનાગઢનાં લેઉવા પટેલ પરિવારનાં સભ્યો ખોડલધામ નિર્મિત કેન્સર હોસ્પિટલના ભૂમિદાનના સંકલ્પને ઘેર-ઘેર પહોંચાડી આર્થિક સહયોગી બની રહેવા પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આગામી તારીખ ૨૧મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સાત વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા વધુ એક પ્રકલ્પ સાર્થક બનાવવાની તૈયારી કરી રહ્યું છે. રાજકોટ નજીક આવેલ અમરેલી ગામ ખાતે સર્વ સમાજ માટે અત્યાધુનિક વર્લ્ડક્લાસ કેન્સર હોસ્પિટલનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવશે. ૨૧ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન કરવામાં આવશે ત્યારે આ ભવ્ય કાર્યક્રમ પ્રસંગના લાખો લોકો શ્રી ખોડલધામ કાગવડ મંદિરના પટાંણગણમાં સાક્ષી બનશે. શિવમપાર્ટીપ્લોટ ખાતે જૂનાગઢનાં વિવિધ ગામોથી પધારેલ અગ્રણીઓ, જૂનાગઢનાં નગરજનોને સંબોધતા નરેશભાઈએ જણાવ્યુ હતુ કે આપણો સમાજ હમેંશા સર્વસમાજ સાથે ભાતૃભાવથી વણાયેલો સમાજ છે. ત્યારે કુદરતે આપેલ સંપતિ દ્વારા આપણે અન્ય સમાજને પણ સાથે લઈને લોકહીતનાં આયામો સર કરવા આગળ વધી રહ્યા છીએ. હવે ખોડલધામ માત્ર માતાજીનું મંદિર બની રહેવાને બદલે એક સેવાભાનાનો નવો વિચાર બન્યો છે. આવનાર દિવસોમાં દેશભરનાં વિવિધ રાજ્યોમાં ખોડલધામનાં માધ્યમથી સેવાપ્રકલ્પ કાર્યરત થવા એ ની વાત નહીં રહે. યુરોપ અને અમેરીકામાં વસવાટ કરતા લેઉવા પટેલ સામાજનાં ભાઈ-બહેનો દ્વારા ત્યાં પણ ખોડલધામની સ્થાપના કરીને સર્વકલ્યાણકાજ આગળ વધવાની નેમ વ્યક્ત કરી છે. આ પ્રસંગે અમેરીકામાં વસતા અને ખોડલધામનાં વિચારો સાથે સેવારત નેહલભાઈ પટેલનું નરેશભાઈનાં હસ્તે બહુમાન કરાયુ હતુ.

જૂનાગઢની નાનકડી ચાર્મિ વિપૂલભાઈ તળાવીયાએ રાષ્ટ્રભાષામાં અતિથીઓને આવકારી ખોડલધામની સેવા પ્રવૃતિને બિરદાવી હતી. ખોડલધામની પ્રવૃતિ અને નિર્માણાધિન કેનસર હોસ્પીટલનાં આયામો બાબતે હસમુખભાઈ લુણાગરીયાએ વિગતો પુરી પાડી હતી.આ પ્રસંગે અગ્રણીશ્રી કરશનભાઈ ઘડુક, અનિલભાઈ પટોળીયા, મુકેશભાઈ ભંડેરી, ટ્રસ્ટનાં સભ્યશ્રી ગોપાલભાઈ રૂપાપરા, ડો. જી.કે.ગજેરા, મધુરમ કન્સ્ટ્રકશન વાળા જેન્તીભાઈ વઘાસિયા, ભાવેશભાઈ વેકરીયા, સવજીભાઈ સાવલીયા, વસંતભાઈ કાવાણી, પ્રવિણભાઈ સોજીત્રા, જેરામભાઈ ટીંબડીયા, રમેશભાઈ પેથાણી બિલખાથી ધનજીભાઈ હુમર, અમુભાઈ પાનસુરીયા, હરજીવનભાઈ ઢોલરીયા, જૂનાગઢ મહાનગરનાં કોર્પોરેટરશ્રીઓ, મહિલા સમિતીનાં નયનાબેન વઘાસિયા, સહિત જિલ્લાનાં વિવિધ ગામોમાં ખોડલધામ સમિતીનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા જૂનાગઢ ખોડલધામ સમિતીનાં કન્વીનર પરેશ ડોબરીયા, દિલીપ રાબડીયા મનસુખ ક્યાડા, તથા યુવા સમિતીનાં સભ્યોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ પ્રારંભે શ્રી પટોળીયાએ સ્વાગત અને અંતે નિલેષ રાદડીયાએ આભાર દર્શન કર્યુ હતુ.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. હરેશ કાવાણીએ સંભાળ્યુ હતું. જૂનાગઢનાં અગ્રણીશ્રીઓ અને રાજકીય આગેવાનોએ નરેશભાઈ પટેલનું પુષ્પાહારથી અદકેરૂ સ્વાગત કરી ભવિષ્યમાં આકાર પામનાર કેન્સર હોસ્પીટલમાં જૂનાગઢ જિલ્લાનું યોગદાન અવ્વલ હોવાની અનુમોદનાં રજુ કરી હતી.

# સીનીયર સિટીઝન્સ મંડળની માસિક મીટીંગમાં રેકોર્ડીંગ ડાન્સનો કાર્યક્રમ થયો રજુ



જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરમાં ૬૦ વર્ષથી મોટી ઉમરના ૨૭૦૦ થી વધુ સભ્યો ધરાવતું સીનીયર સિટીઝન્સ મંડળ છેલ્લા દશ વર્ષ થી કાર્યરત છે. મંડળના સભ્યો સમાજ સેવાની સાથે અનેક વિધ એવા કાર્યક્રમો પણ આપે છે કે જેમાં જીવનની ઢળતી સાંજે એકલવાયું અથવા નિષ્ક્રિય જીવન જીવતા વૃધ્ધોમાં નવા પ્રાણ પુરાય એવા ઉદેશ્ય સાથે વર્ષની છેલી માસિક મીટીંગમાં ૬૦ થી લઈને ૭૨ વર્ષના વડીલો એ યુવાનોને સરમાવે તેવો અનોખો જુના ફિલ્મી ગીતો ઉપર રેકોર્ડીંગ ડાન્સ રજુ કર્યો હતો. જે વૃદ્ધ વડીલોને ચાલતી વખતે પણ હાથ પકડવો પડે કે લાકડીનો સહારો લેવો પડે તેમ હોઈ તેઓ પણ એક બીજાના સહારે સુંદર ડાન્સ કરતા હોઈ તે દ્રશ્યો અવર્નીય છે.

સીનીયર સિટીઝન્સ મંડળના સ્થાપક અને પ્રમુખ જે.બી.માંકડ સાહેબે લાકડીના સહારે ઉભા રહીને સીનીયર સિટીઝન્સ આવનારા સમયમાં યોજાનારા દેશ વિદેશના પ્રવાસ પર્યટન વિષે વિગતે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ મહેતા એ કરેલું હતું.સ્વાગત પ્રવચન વજુભાઈ હીરપરા અને આભારવિધિ જીતેન્દ્રભાઈ ઝાલા એ કરી હતી. કાર્યક્રમમાં ભાગ લેનાર વડીલોને પ્રોત્સાહન મળે તે માટે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સૌ સીનીયર સિટીઝન્સ સમુહ ભોજન દ્વારા પોતાના જીવનના પ્રસંગો વાગોળ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સીનીયર સિટીઝન્સ મંડળના ટ્રસ્ટીઓં તેમજ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સોનાની ૩ વીંટી તથા રોકડ સહિતના રૂા.૪૦,૦૦૦/- ની કીંમતના સામાનનો થેલો નેત્રમ શાખા પોલીસ દ્વારા શોધી કઢાયો





જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

અરજદાર મયુરભાઈ ભરતભાઈ શિંગાળા જૂનાગઢના વતની હોય પોતાના પરીવાર સાથે બહારગામથી પરત ફરતા હોય. મયુરભાઈ ગાંધીચોકથી ઓટો રિક્ષામાં બેસી ઘર તરફ જતા હોય તે દરમ્યાન તેમનો રૂા. ૪૦,૦૦૦/- ની કિંમતના સામાનનો થેલો કે જે થેલામાં ૩ નંગ સોનાની વીંટી અંદાજીત કિ.રૂા. ૩૩,૦૦૦, ૨ નંગ ચાંદીની વીંટી કિ.રૂા. ૨,૦૦૦ તેમજ રૂા. ૫,૦૦૦ રોકડ તથા અન્ય જરૂરી સામાન હોય. મયુરભાઈ એ આજુબાજુ તપાસ કરેલ તેમજ તે રિક્ષા શોધવાનો પણ પ્રયત્ન કરેલ પરંતુ તેમનો થેલો મળેલ નહિ, પોતે સામાન્ય પરિવારમાંથી આવતા હોય અને આવા કિંમતી સામાન સાથેનો થેલો ખોવાતા તેઓ ખૂબ વ્યથીત થઈ ગયેલ હતા. આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઇ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

જૂનાગઢ હેડ કવા. ડી.વાય.એસ.પી. એ.એસ. પટ્ટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઇ પી.એચ.મશરૂ, હેડ કોન્સ. રામશીભાઈ ડોડીયા, પો.કોન્સ. વિજયભાઈ છૈયા, હાર્દિકસિંહ સીસોદીયા, એન્જીનીયર નિતલબેન મેતા સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી મયુરભાઇ જે સ્થળેથી ઓટો રિક્ષામાં બેસેલ તે ઓટો રિક્ષાનો સમગ્ર રૂટ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજની મદદથી ચેક કરતા મયુરભાઈ પોતાનો કિં.રૂા. ૪૦,૦૦૦/-ની સોનાની ૩ વીંટી તથા રોકડ સહિતના સામાનનો થેલો રિક્ષામાં જ ભુલી ગયેલ હોય તેવું જણાયેલ. જે આધારે તે રિક્ષાનો રજી.નં. જીજે ૦૮ એટી ૩૧૯૩ શોધેલ. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા રિક્ષા ચાલકનો સંપર્ક કરી પૂછપરછ કરતા તે થેલો તેમની પાસે હોવાનું જણાવેલ. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા મયુરભાઈની સોનાની ૩ વીંટી તથા રોકડ સહિતના રૂા.૪૦,૦૦૦/- ની કીમતના સામાનનો થેલો ગણતરીની કલાકોમાં શોધી અને થેલો રીકવર કરી સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક અને સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને મયુરભાઈ શીંગાડાએ જણાવેલ કે તેમને આ થેલો પરત મળે તેવી આશા પણ ના હતી અને આટલી ઝડપથી આ થેલો પોલીસે શોધી આપતા ખુબજ ખુશ થઇ ગયેલ અને જૂનાગઢ પોલીસનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા સોનાની ૩ વીંટી તથા રોકડ સહિત રૂા. ૪૦,૦૦૦/- ની કીંમતના સામાનનો થેલો ગણતરીની કલાકોમાં શોધી પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્રને સાર્થક કરવામાં આવેલ છે.

# માંગરોળના કાલેજ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું વાજતે ગાજતે થયેલ સ્વાગત

## ધારાસભ્ય દેવાભાઈ માલમ સહિતના મહાનુભાવોના હસ્તે યોજનાકિય લાભોનું વિતરણ કરાયું




જૂનાગઢ, તા.૨૦

માંગરોળના કાલેજ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ગ્રામજનોએ વાજતે ગાજતે સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી અને તેમના હસ્તે કેન્દ્ર રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોએ ટીબી સ્ક્રિનિંગ ઉપરાંતની આરોગ્ય સેવાઓ લાભ મેળવ્યો હતો. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓ અને રમતવીરોનું સન્માન કરવામાં આવ્યું હતું સાથો સાથ ગામના વિશિષ્ટ મહિલાઓ અને સ્થાનિક કલાકારોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ધરતી કહે પુકાર કે લઘુ નાટકના માધ્યમથી ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી માટે પણ પ્રેરિત કરવામાં આવ્યા હતા.

ઉપરાંત વિવિધ જન કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓએ મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત પોતાના પ્રતિભાવો આપ્યા હતા. નલ સે જલ યોજનાના સફળ અમલીકરણ માટે ગ્રામ પંચાયતને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન સોમતભાઈ વાસણ, અગ્રણી ભાવેશભાઈ ડાભી, રામભાઈ વાજા, સરપંચ મોતીબેન ભરડા સહિતના અગ્રણીઓ અને જુદા જુદા વિભાગના કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ સમસ્ત પ્રજાપતિ સમાજમાં યોજાશે પ્રથમ વખત વિવિધ સ્પર્ધાઓ

## વિજેતાઓને રોકડ પુરસ્કાર, અસંખ્ય ગિફટો તથા ભાગ લેનાર તમામને આકર્ષક ગિફટ અપાશે

જૂનાગઢ તા. ૨૦

પ્રજાપતિ ગાથા દ્વારા જૂનાગઢ સમસ્ત પ્રજાપતિ સમાજમાં પ્રથમ વખત ૯ જેટલી વિવિધ સ્પર્ધાઓનું આયોજન તા.૭/૧/૨૦૨૪ને રવિવારે સવારે ૯ થી સાંજે ૬ સુધી જૂનાગઢ ગિરનાર દરવાજા પાસે આવેલ શ્રી વરીયાવંશ પ્રજાપતિની વાડીમાં રાખવામાં આવેલ છે. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂા.૨૫૦૦ દ્વિતીયને રૂા.૧૫૦૦ અને તૃતીયને રૂા.૧૧૦૦ રોકડ પુરસ્કાર સાથે અસંખ્ય ગિફટ અને ભાગ લેનાર તમામ સ્પર્ધકોને આકર્ષક ગિફટ આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં ૯ સ્પર્ધા જેવી કે મહિલાઓ માટે મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા, અને યોગ સ્પર્ધા તેમજ કપલ માટે રોટલી વણવાની સ્પર્ધા અને ચાકડા ઉપર માટીની વસ્તુ બનાવવાની સ્પર્ધા, બાળકો માટે લીંબુ ચમચી સ્પર્ધા અને માટીના રમકડા બનાવવાની તેમજ વડીલો માટે ફુગ્ગા ફુલાવવાની સ્પર્ધા રાખવામાં આવેલ છે.

સ્પર્ધા દરમ્યાન ફ્રી હેલ્થ ચેકઅપ તેમજ રૂા.૫૦,૦૦૦/ની લોન સહાય માટે જે સરકારી કાર્ડની જરૂર પડે છે તેના ફોર્મ વિનામૂલ્યે વિતરણ, તેમજ પરિણીત-અપરણિત મહિલાઓ, કપલો તેમજ નીઃસંતાન દંપત્તિઓને ખૂબ જ ઉપયોગી મેડિકલ સેમીનાર પણ રાખવામાં આવેલ છે. સાથે વ્યવસાયિક વસ્તુ વેચાણ પણ રાખવામાં આવેલ છે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૩૦/૧૨/૨૦૨૩ સુધીમાં પેશન જીન્સ વેર, માંગનાથ રોડ, પાર્કિંગ ચોક ખાતેથી ફોર્મ મેળવી લેવા તથા ગુગલ ફોર્મ ના માધ્યમથી પણ ફોર્મ ભરી શકો છો. તેમજ સ્પર્ધા નિહાળવા પ્રજાપતિ સમાજના તમામ સભ્યોને પધારવા પ્રજાપતિ અરવિંદભાઈ સંચાણિયાની યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# મહાલક્ષ્મી માતાજીના પાટોત્સવ પ્રસંગે નવચંડી પાઠનું આયોજન

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં આવેલ સુપ્રસિધ્ધ મહાલક્ષ્મી માતાજી મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી ભુપેન્દ્ર સી. વ્યાસની યાદી જણાવે છે કે, મહાલક્ષ્મી માતાજીના મંદિરમાં માગસર સુદ નોમ ને તા.૨૧-૧૨-૨૩ નો ગુરૂવારે મહાલક્ષ્મી માતાજીના પાટોત્સવ નિમિત્તે મંદિરના પટાંગણમાં નવચંડી પાઠનું સવારે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન રાખેલ છે. જેમાં જૂનાગઢના પ્રસિધધ બ્રાહ્મણો નવચંડી પાઠનું પઠન કરશે અને માતાજીની સ્તુતિઓ બોલશે. રાત્રીના ૧૦ કલાકથી ૧૨ કલાક દરમ્યાન સ્વ.પથુભાઈ વૈધ્યના આરાસુરી મંડળીના માતાજીના બેઠા ગરબા તથા સ્તુતિઓ ગાવામાં આવશે. આ પ્રસંગે જૂનાગઢની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા અને દર્શનનો લાભ લેવા એક યાદીમાં જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

### દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાત લેતા

# ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ તથા દેવભૂમિ દ્વારકાના યુનિટ જજ એચ.એમ. પ્રચ્છક




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૦

નામદાર ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના યુનિટ જજશ્રી એચ.એમ. પ્રચ્છક દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા. જેમાં તેઓની સાથે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય જિલ્લા ન્યાયધીશશ્રી એસ.વી.વ્યાસ સાથે રહ્યા હતા.

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ નવી દિલ્હી (નાલસા)ની અનુશ્રામાં તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દેવભૂમિ દ્વારકા દ્વારા દ્વારકાના શ્રી જગત મંદિર ખાતે દેશભરમાંથી આવતા દર્શનાર્થીઓ ને કાનૂની માર્ગદર્શન મળી રહે તે હેતુસર કાનૂની સહાય કેન્દ્ર (હેલ્પ ડેસ્ક)ની શરૂઆત કરી છે. જેની નામદાર ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ તથા દેવભૂમિ દ્વારકાના યુનિટ જજ શ્રી એચ.એમ. પ્રચ્છક દ્વારા મુલાકાત લઈ કાનૂની સહાય કેન્દ્ર ( હેલ્પ ડેસ્ક) દ્વારા કરવામાં આવતી લીગલની કાર્યવાહીથી માહિતગાર થઈ પ્રશંસા કરી હતી. તેમજ હજુ વધુ સારી રીતે કામગીરી કરી શકાય તેવા જરૂરી સૂચનો આપ્યા હતા.

દેવભૂમિ દ્વારકાના છેવાડાના વિસ્તાર અને ડાયરેક્ટ રોડ કનેક્ટિવિટીથી અલિપ્ત એવા બેટ દ્વારકા વિસ્તારના લોકોને વિના મૂલ્યે કાનૂની સલાહ અને સહાય મળી રહે તે હેતુસર કાનૂની સહાયતા કેન્દ્રની સ્થાપના કરવામાં આવેલ છે જેની નામદાર ગુજરાત હાઈકોર્ટ ના જસ્ટિસ શ્રી એચ. એમ. પ્રચ્છક દ્વારા મુલાકાત લઈ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા છેવાડા વિસ્તારમાં કરવામાં આવતી લીગલ અવેરનેસના કાર્યની પ્રશંસા કરી હતી.

લીગલ સર્વિસીસ ઓથોરિટી એક્ટ, ૧૯૮૭ ની કલમ -૧૧ મુજબ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દેવભૂમિ દ્વારકા દ્વારા સરકારશ્રીના વિવિધ વિભાગો જેવા કે કલેકટોરેટ, જિલ્લા પંચાયત, પોલીસ વિભાગ, ફોરેસ્ટ વિભાગ, લેબર, રોજગાર વગેરેનાઓ સાથે સુવ્યવસ્થિત રીતે કો-ઓર્ડીનેશન સાધી કાનૂની સેવા ના ક્ષેત્રમાં સામાજિક ન્યાય સ્થાપવા અર્થે નીમવામાં આવેલ નોડલ ઓફિસરો અને તેમના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની પ્રશંસા કરવામાં આવી હતી.

આ ઉપરાંત જિલ્લા અદાલત, દેવભૂમિ દ્વારકા મું. ખંભાળિયા ખાતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ના જસ્ટિસ શ્રી એચ.એમ. પ્રચ્છકની અધ્યક્ષતામાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેરમેન તથા પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજશ્રી એસ.વી.વ્યાસ સાથે જ્યુડિશિયલ ઓફિસર તથા જિલ્લા કલેકટરશ્રી અશોક શર્મા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.ડી.ધાનાણી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી નિતેશ પાંડે, ખંભાળિયા બાર પ્રમુખ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના મીડીએટર શ્રી સંજયભાઈ જોષી, મુખ્ય જિલ્લા સરકારી વકીલ શ્રી એલ.આર.ચાવડા, મદદનીશ સરકારી વકીલશ્રીઓ, એ.પી.પી.શ્રીઓ, તથા અન્ય વિભાગ ના અધિકારીશ્રી ઓ હાજર રહ્યા હતા. જેમાં તેઓ એ આ મિટિંગ દરમિયાન સમગ્ર જિલ્લામાં અને ખાસ કરીને અતરીયાળ વિસ્તાર માં રહેતા લોકો ને સરકારશ્રીની વિવિધ યોજનાઓ નો લાભ ખૂબ ઝડપથી મળી રહે સામાજિક ન્યાય સ્થપાઈ તે માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કરવામાં આવતી કાર્યવાહી ને વધુ વેગવંતી બનાવવા જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

મિટિંગમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ શ્રી એચ.એમ.પ્રચ્છકના વરદ હસ્તે ગુજરાત વિકટીમ કોમ્પનસેશન સ્કીમ હેઠળ કુલ ૧૨ અરજીમાં ભોગ બનનારને કુલ રૂ. ૨૬,૦૦,૦૦૦/- નું વળતર ચૂકવામાં આવ્યું હતું. આમ છેલ્લા ૦૬ મહિનામાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કુલ રૂ. ૩૮,૭૦,૦૦૦/- ભોગ બનનાર ને વળતર તરીકે ચૂકવામાં આવ્યું હતું.

નામદાર ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ શ્રી એચ. એમ. પ્રચ્છક દ્વારા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કચેરી ની મુલાકાત લઈ પક્ષકારોને આપવામાં આવતી લીગલ એઈડ, મિડીએશન પ્રક્રિયા, વગેરેની માહિતી મેળવી અને જિલ્લા ના મહત્તમ લોકો સુધી કાનૂની સહાય અંગે જાગરૂકતા ફેલાઈ તથા અસરકારક અને પરિણામલક્ષી કાર્યવાહી સરકારશ્રીના સ્ટેક હોલ્ડર સાથે યોગ્ય સંકલન સાધી કરી શકાય તેવા મહત્વના સૂચનો આપવામાં આવ્યા હતા.

આ સમગ્ર મુલાકાત દરમિયાન દેવભૂમિ દ્વારકાના ચેરમેન શ્રી તથા પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ શ્રી એસ.વી.વ્યાસ સાથે રહ્યા હતા. તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવશ્રીની યાદીમાં જણાવાયું છે.

# પ્રભુ શ્રી રામ માટે બનેલ રજત અને સુવર્ણની ચરણ પાદુકાનું સોમનાથ ખાતે ભવ્ય સ્વાગત કરાયું



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

અયોધ્યા રામ લલા માટે નિર્માણ કરાયેલ ચરણ પાદુકા દેવાધી દેવ સોમનાથ મહાદેવના દરબારમાં પહોંચી હતી. અયોધ્યામાં રામ મંદિરમાં અર્પણ કરવામાં આવનાર સોનાના આવરણ વાળી ૮ કિલો ચાંદીથી બનેલ ચરણ પાદુકા દેશભરમાં લઈ જવામાં આવી રહી છે .પાદુકા ૧ કિલો સોના અને ૮ કિલો ચાંદીમાંથી બનાવવામાં આવેલ છે. હૈદરાબાદના શ્રીચલ શ્રીનિવાસ શાસ્ત્રીએ આ પદુકાનું નિર્માણ કર્યું છે. આજે તા.૧૯ મી ડિસેમ્બર મંગળવારના રોજ સોમનાથ જ્યોતિર્લિંગ ધામમાં આ પાદુકા લાવવામાં આવેલ જેનું સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે ડી પરમાર, જીએમ વિજયસિંહ ચાવડા, સ્થાનિય ભૂદેવો અને પધારેલ ભક્તો દ્વારા પુષ્પ વર્ષા અને ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતુ. શ્રી સોમનાથ જ્યોતિર્લિંગ સમક્ષ પ્રભુ શ્રીરામ માટે બનેલ આ પાદુકાને વિરાજમાન કરીને શ્રી સોમનાથ મંદિરના પૂજારી શ્રી દ્વારા વિધિ વિધાનથી તેનું પાદુકા પૂજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે શ્રીચલ શ્રીનિવાસે પણ આ પાદુકા હાથમાં લઈને ૪૧ દિવસ સુધી અયોધ્યામાં નિર્માણાધીન મંદિરની પરિક્રમા કરી છે.

# અયોધ્યાના શ્રીરામ મંદિરમાં પ્રસ્થાપિત થનાર ચરણ પાદુકાની દ્વારકામાં પધરામણી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૦

આગામી ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના દિને અયોધ્યામાં ભગવાન શ્રીરામના નવનિર્મિત મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે. રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પછી ભગવાન શ્રીરામની ચરણ પાદુકા મંદિરમાં પ્રસ્થાપિત કરવામાં આવશે. આ ચરણ પાદુકા હાલમાં દેશભરના તીર્થસ્થાનોની પ્રદક્ષિણા કરી રહેલ છે. જે અંતર્ગત આજે શ્રીરામ ભગવાનની એક કિલો સોનું તથા સાત કિલો ચાદીમાંથી તૈયાર કરવામાં આવેલી ચરણપાદુકાની સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાનગરીમાં પધરામણી થઈ હતી.

દ્વારકામાં દ્વારકાધીશ મંદિરના પૂજારી દ્વારા ભગવાન સન્મુખ ધરવામાં આવી હતી અને ત્યારપછી આ ચરણપાદુકાનું મંદિરના પૂજારી તેમજ શારદાપીઠના બ્રહ્મચારી નારાયણનંદ સ્વામી દ્વારા પૂજા કરવામાં આવી હતી. આ ચરણપાદુકા તીર્થસ્થાનોનું પરિભ્રમણ કરી ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ ના દિને અયોધ્યા પહોંચશે.

# માંગરોળ શિલ્પી સોસાયટીના લોકો દ્વારા પાણી પ્રશ્ને આપ્યું આવેદનપત્ર



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૦

માંગરોળ કેશોદ રોડ પર આવેલ શિલ્પ સોસાયટીમાં ૬૦ થી પણ વધારે પરિવારો રહે છે. છેલ્લા બે વર્ષથી પાણીની મોટી સમસ્યાઓ ઊભી થઈ છે છતા પણ તંત્રના પેટનું પાણી પણ નથી હાલતું. સોસાયટીના લોકો દ્વારા વારંવાર લેખિત અને મૌખિક પાણી અને કચરાના નિકાલ માટે રજૂઆત કરવા છતાં પણ કોઈ નિરાકરણ ન આવતા અંતે નગરપાલિકા ને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતું પાણી સમસ્યાને લઈ સ્થાનીકો દ્વારા માંગરોળ નગરપાલિકા કચેરી ખાતે પહોંચી ઉગ્ર રજુવાત કરવામાં આવેલ અને ડોર ટુ ડોર કચરો ઉપાડવા અને સોસાયટીમાં સફાઈ કરવાની પણ માંગ કરી લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ

# વેરાવળ સ્થિત એક્સિસ બેન્કના ગોલ્ડ લોન વિભાગના કરોડોના કૌભાંડ મામલે વધુ એક આરોપીની વેરાવળ સીટી પોલીસે ધરપકડ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

વેરાવળ એકસીસ બેંકનાં ગોલ્ડ લોન વિભાગમાં નોકરી કરતા કર્મચારીઓ માનસીગ જાદવભાઈ ગઢીયા, વિપુલ ધીરૂભાઈ રાઠોડ, પીક્રીબેન ડો/ઓ મુલચંદભાઈ ખેમચંદાણી નામના આરોપીઓએ પુર્વયોજીત કાવતરું રચી બેંકનાં લોકરમાં રાખેલ કસ્ટમરનાં ગોલ્ડનાં પાઉચોમાંથી સાચુ ગોલ્ડ કાઢી બનાવટી કસ્ટમરના નામના અન્ય પાઉચ બનાવી ગ્રાહકો ની ખોટી સહીઓ કરી ગોલ્ડ લોનના ખોટા દસ્તાવેજો ઉભા કરી બનાવટી ગ્રાહકોના નામે બેક્ર પાસેથી ગોલ્ડ લોન મેળવી નાણાકીય દુર ઉપયોગ કરેલાનો ગુન્હો રજી.થયેલ હોય. સદર ગુનાની તપાસ દરમિયાન બેક્રના કર્મચારી આરોપી વિપુલ રાઠોડ દ્વારા તેમના સંબંધી કોડીનાર ખાતે રહેતા અજય ઉર્ફે પહુ નાથાભાઈ બારીયા-કોળી ને બેંકમાંથી ચોરી કરેલ સોનાની ૦૬ બંગડીઓ આપી હતી અને આ અજય દ્વારા આ સોનાની બંગડી કોડીનાર સ્થિત IIFL ખાનગી ફાઈનાન્સ કંપનીમાં ગીરવે મૂકી હતી અને બાદમાં આ બંગડીઓ છોડાવી લઈ સોની વેપારીને વેચી દીધા નું તપાસમાં સામે આવ્યું હતું. વેરાવળ પોલીસ દ્વારા સહ આરોપી તરીકે વધુ એક આરોપીનુ નામ ખુલવા પામતા સદર આરોપીને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. પણાદર રોડ સરસ્વતી સોસાયટીમાં રહેતા અને બકાલાનો વેપાર કરતા આરોપી અજય ઉર્ફે પહુ નાથાભાઈ બારીયા-કોળી, ઉ.વ.૨૯ ની સદર ગુન્હા માં સહ આરોપી તરીકે ધરપકડ કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

# યાત્રાધામ પ્રાંચી તીર્થ ખાતે કથાકાર પ્રજ્ઞા પુત્રી મીનાક્ષીબેન (બરોડા વાળા)એ મોક્ષ પીપળે પાણી રેડી ધન્યતા અનુભવી



પ્રાચી તીર્થ તા.૨૦ : યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે કથાકાર પ્રજ્ઞા પુત્રી મીનાક્ષીબેન બરોડા વાળા અને ટીમે મોક્ષ પીપળે પૂજા અર્ચના કરાવી ત્યારબાદ પાણી રેડી પ્રદિક્ષણા ફરી હતી તથા અહીંના સુ વિખ્યાત માધવરાયજી પ્રભુ તથા લક્ષ્મીજી મંદિરના દર્શન કરી ને ધન્યતા અનુભવી હતી

# પ્રાચી તીર્થ ખાતે ગાયત્રી પરિવારના ઉકાભાઈ ચુડાસમાની આઠમી પુણ્યતિથિ નિમિત્તે મેગા નેત્ર નિદાન કેમ્પ તથા હાર્ડવૈદ તથા જનરલ ચેકઅપ કેમ્પ યોજાયો

## કુલ ૨૮૦ આંખના દર્દીઓ તથા હાર્ડ વૈદ જનરલ ચેકઅપમા ૧૬૦ દર્દીઓ લાભ લીધો અને ૧૨૫ દર્દીઓ મોતીયાના ઓપરેશન માટે લઈ ગયા



(પ્રતિનિધી દ્વારા)

પ્રાંચી તીર્થ તા.૨૦

પ્રાચી તીર્થ ખાતે ગાયત્રી પરિવારના વરિષ્ઠ પરિજન ઉકાભાઈ કરશનભાઈ ચુડાસમા ની આઠમી પુણ્યતિથિ નિમિત્તે તથા સ્વ રંભુબેન તથા લાડુ બેન ચુડાસમા ના સ્મરણાર્થે સદગુરુ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ તથા હાર્ડવૈદ નિદાન કેમ્પ શ્રી કોળી સમાજ ભવન પ્રાચી ખાતે યોજાયો હતો આ કેમ્પમાં કુલ ૨૮૦ દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પના દાતા શ્રી ગાયત્રી પરિવારના વરિષ્ઠ કાર્યકર્તા સ્વ ઉકાભાઈ ચુડાસમા તથા સ્વ રંભુબેન ચુડાસમા ના પુણ્યાર્થ તેમના પરિવારના પત્રકાર જાદવભાઈ ચુડાસમા તથા તેમના પરિજનો તથા શ્રી પ્રજ્ઞા પુરાણ ના પ્રખર વક્તા શ્રીમતી મીનાક્ષીબેન બરોડા વાળા તથા હરીશભાઈ તેમની ટીમ ના સદસ્યો તથા ગાયત્રી પરિવારના વરિષ્ઠ ઉપ જોનલના સંયોજક હરિભાઈ ડોડીયા કોડીનાર તથા પ્રતાપભાઈ પરમાર પીપળી તથા શ્રી રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલ રાજકોટના ડો . અલ્કેશભાઈ. તથા પાધેશ્વરી આશ્રમના ઉપવાસી મહંત કરસનદાસ બાપુ તથા ડો. રોહિતભાઈ પટેલ ( સાવલિયા સાહેબ ) પ્રાચી ડો.ભગીરથ સિંહ રાઠોડ ઘંટીયા ફાટક તથા ડો.પાલાભાઈ વડનગર તથા ડો.મિલનભાઈ ચોવટીયા પ્રાચી.તથા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ના પરિવારજનોના કર કમલો દ્વારા દિપ પ્રાગટય કરી તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તા પત્રકાર જાદવભાઈ ચુડાસમાએ કેમ્પને ઉદ્દ્બોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવેલ હતો . વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય તથા ઉકાભાઈ ચુડાસમા તથા રંભુબેન ચુડાસમાતથા લાડુબેન ચુડાસમા આત્મ કલ્યાણ અર્થે ગાયત્રી મહામંત્ર સામુહિક જાપ કરેલ તથા ગાયત્રી પરિવારના સંસ્થાપક વેદમુર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીના જીવન સંદેશ આવેલ લોકોને હદય ગેમ કરવા આહવાન કરેલ અને મહાનુભાવો દ્વારા આ કેમ્પના તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તા સ્વ ઉકાભાઈ ચુડાસમા ના જીવન જરમર નું ચિંતન કરવામાં આવેલ હતું આ કેમ્પમાં સહયોગ આપતા દાતાઓનું સન્માન કરાયુ હતું આતકે મીનાક્ષીબેન બરોડા વાળા કેમ્પ ના આયોજક જાદવભાઈ ચુડાસમા વિશે જણાવ્યું હતું કે આવવાના આવા સારા કાર્યો કરતા રહો એવી મા ભગવતી તથા માં ગાયત્રીના શરણોમાં પ્રાર્થના કરું છુ આ કેમ્પમાં કુલ ૨૮૦ દર્દીઓએ લાભ લીધો જેમાં ૧૨૫ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલરાજકોટ ખાતે લઈ ગયેલ હતા અને ડોક્ટર ભગીરથ સિંહ રાઠોડ ઘંટીયા તથા રવિરાજ બેરડીયા હાર્ડ વૈદ કેમ્પ ના ૧૬૦થી વધુ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી . દાતા તરફથી સૌના માટે ચા - પાણી તથા સાદા સુંદર ભોજન પ્રસાદની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી . આ કેમ્પને સફળ બનાવવા માટે કાનાભાઈ સોલંકી (બોસન) તથા વજુભાઈ ગોહીલ (છગીયા) તથા નાથાભાઈ સોલંકી (થરેલી) તથા રોહિતભાઈ અમરાપુર તથા નારણભાઈ વાળા (પાધરૂડા) તથા પાર્થભાઈ મોકરીયા પ્રાચી નરસિંહભાઈ વાઢેર છગિયા વાલાભાઈ કંટાળા તથા રાહુલભાઈ બોશન પપ્પુભાઈ બોસન તથા દિવાળીબેન પ્રાચી તથા સોનીબેન ગોરખમઢી તથા જીવીબેન બોશન તથા ભેની બેન ઘુસિયા દેવીબેન ભાલકા તથા કંચનબેન પંડવા તથા સત્યમભાઈ ચુડાસમા પ્રાંચી તથા શૈલેષ ભાઈ વાળા પત્રકાર પ્રાચી તીર્થ તથા સેવાભાવી ભાઈ બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

# ઉનામાં દ્વીશતાબ્દી મહોત્સવની ઉજવણીનો આજથી પ્રારંભ

(પ્રતિનિધી દ્વારા)

ઉના તા.૨૦

ઊના શહેર મા રોકડીયા હનુમાન મંદિર સામે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ રાજોકોટની સંસ્થાન આનદ ગઢ ગુરુકુળમાં શ્રી, ઘનશ્યામ મહારાજ ની મૂર્તિ પ્રતિષ્ઠા ને દસ વરસ પૂર્ણ થતાં હોય અને વડતાલ ધામ શ્રી, લક્ષ્મી નારાયણ દેવ નીમૂર્તી પ્રતિષ્ઠા ના દ્વી શતાબ્દી મહોત્સવ ની ઉજવણી ના ભાગ રૂપે તા,૨૦/૧૨ને બુધવાર થી પાચ દિવસ ના ધાર્મિક મહોત્સવ પ.પુ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશ પ્રસાદાજી ના આશીર્વાદ થી પૂજય શ્રી દેવ કૃષ્ણ સ્વામી અને મહંત શ્રી દેવ પ્રસાદ સ્વામી ના સાનિધ્યમાં પ્રારંભ કરવામાં આવશે આ મહોત્સવ માં નાઘેર લીલા કથા અમૃત, ૧૧કુંડી મહા વિષ્ણુ યાગ યજ્ઞ, મહામંત્ર યાગ, અભિષેક, અન્નકુટ દર્શન, હાટડી દર્શન, શાકોત્સવ, અને ઊના શહેર માં ગોલ્ડન સીટી મા નૂતન શ્રી,પ્રેમવતી મહિલા સંસ્કાર મંદિર મા શ્રી, ઘનશ્યામ મહારાજ ની મૂર્તિ ની પ્રાણ પ્રતિષ્ઠા પ.પુ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશ પ્રસાદજી મહારાજ ના વરદ હસ્તે કરવામાં આવશે તેમજ રોજ મેડિકલ કેમ્પ, વિગેરે કાર્યક્રમ યોજાશે મહોત્સવ તા.૨૪/૧૨ને રવિ વારે સુધી યોજાશે મહોત્સવો માં પધારવા અને મહા પ્રસાદ લેવા તમામ હરિ ભકતો ને પધારવા આનંદગઢ સ્વામી નારાયણ ગુરૂકુલ ના સાધુ હરી વદન દાસ અને આયોજકો કે જાહેર નિમંત્રણ આપવામાં આવેલ છે.

# બેટ-દ્વારકામાં અયોધ્યાથી આવેલ કળશ યાત્રાનું અતિ ભવ્ય રીતે સ્વાગત




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૦

બેટ-દ્વારકા માં અયોધ્યા થી આવેલ કળશ યાત્રાનું અતિ ભવ્ય રીતે સ્વાગત કરવા માં આવ્યું હતું. યાત્રાધામ બેટ-દ્વારકા નાં વિવિધ મંદિરનાં સાધુ સંતો એ ઉત્સાહભેર આ ધાર્મિક ઉત્સવ માં હાજરી આપી હતી. ગામનાં તમામ વેપારીઓએ પોતાના વેપાર ધંધા સ્વૈચ્છિક બંધ રાખીને આ કળશ યાત્રામાં જોડાયા હતા.

બેટ પેસેન્જર જેટીથી ગામની મુખ્ય બજારોમાં ઢોલ નગારા સાથે ઉમંગ ભેર આ શોભાયાત્રામાં સૌ નગરજનો જોડાઈને પુણ્યનું ભાથું બાંધ્યું હતું.

# જૂનાગઢ મહાનગરમાં ખરેખર પ્રજાથી, થકી, વડે ચાલતું પ્રજાકીય શાસન છે ખરૂં?

## ખરાબ રસ્તાના કારણે શાળા બંધ રાખવી પડી! આથી મોટી બીજી કઈ લોકશાહીની કમનસીબી!

## કદાચ આઝાદી પહેલા કે પછી ન બની હોય તેવી શરમજનક ઘટના ભાજપના શાસનમાં બની

**મહાનગરમાં ફરતા-ફરતા**

ગોરધન પાઘડાર (સિનીયર પત્રકાર)

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ મહાનગરમાં ખરેખર પ્રજાથી, થકી, વડે ચાલતું પ્રજાકીય રાજ છે ખરૂં? આ પ્રશ્ન કદાચ ભલે મહાનગરના કહેવાતા બૌધ્ધીકો પછી પોતાની જાતને શ્રેષ્ઠી સમજનારા સુશિક્ષીત નાગરીકોને પજવતો નહીં હોય અને કદાચ પજવતો હશે તો પણ કયાંક ને કયાંક શાસકોથી દબાતા હશે! તેના કારણે પણ ગાંધીજીના ત્રણ વાંદરા બની બધોજ તમાશો નિહાળી રહયા હોય? પરંતુ આ પ્રશ્ન મહાનગરના ગરીબ, મધ્યમ અને પછાત એવા છેવાડાના નાગરીકોને જરૂર મુંઝવી રહયો છે. પણ તેને પજવતા પ્રશ્નોને પોતે વાચા આપી શકે તેટલી તેઓની આર્થિક, સામાજીક કે રાજકીય તાકાત ન હોવાથી મહાનગરના શાસકોના 'કાન' પકડે તેવો કોઈ 'વર્ગ' ન હોવાથી મહાનગરની હાલત ઘણીજ દર્દનીય, પિડાદાયક તો ઠીક પોતાના ઘરની બહાર નીકળતી વખતે પોતાનો 'જીવ' પડીકે બાંધીને મજબુરી સાથે નીકળતા જોવા મળે છે. મતલબ કે ઘરેથી નીકળ્યા પછી પરત પોતાના નિવાસસ્થાને સાજા, સારા પહોંચી જાય તો 'પ્રભુ'નો પાર માને તેટલી હદે મહાનગરના એક એક માર્ગ પછી તે માર્ગ મુખ્ય હોય કે પછી અન્ય હોય, તે બધાજ માર્ગો એટલા બિસ્માર હાલતમાં છે કે તે જોવાની મહાનગરના એકપણ શાસકને જોવા, જાણવાની ફુરસદ નથી. તેના કારણે મહાનગરના અમલદારો નથી જનતાને ગાઠતા કે નથી ગાઠતા શાસકોને..!

મહાનગરના ભાજપના શાસનમાં સૌથી મોટી જો જનતાની કમનસીબી હોય તો એ છે કે, કદાચ આઝાદી કાળ પછી તો ઠીક ભારતની જનતાને 'ગુલામી' કાળમાં પણ ન ઘટી હોય તેવી 'બદનસીબી' ઘટના મહાનગરના શાસનની લાપરવાહીની નોંધ કદાચ ઈતિહાસ પણ લે તેમ.. જૂનાગઢના જોષીપુરામાં ખરાબ રસ્તો હોવાના કારણે શાળા બંધ રાખવી પડી! બોલો આથી મોટી મહાનગર જૂનાગઢની જનતાની બીજી કઠણાઈ શું હોઈ શકે?

કુદરતી આફત કે કોઈ એવા ખાસ ભયજનક સંજોગો સિવાય શાળા-કોલેજો કદી બંધ રહી શકે નહીં. જયારે જૂનાગઢમાં તો શાસકોના મહાપાપે જોષીપરા વિસ્તારની એક શાળા બંધ રાખવાની ફરજ પડી છે. કારણ કે આ શાળાએ જવા-આવવા માટેનો માર્ગ એટલો બધો ખરાબ રીતે ખોદવામાં આવેલો છે કે, બાળકો એક ડગલું પણ ચાલી શકે તેમ નથી.!

જે હોય તે પણ ભારતના ઈતિહાસમાં જરૂર નોંધ લેવાશે કે મહાનગરના ભાજપના શાસનની અતિ બેદરકારી કે પછી ભ્રષ્ટવૃત્તિના પરિણામે શાળાએ મજબુરી સાથે બંધ રાખવી પડેલ છે. આ ઘટના ભાજપના શાસકો માટે ભલે શરમજનક ન પણ હોય પરંતુ લોકશાહી માટે તો જરૂર શરમજનક ઘટના છે એવું શું નથી લાગતું?

મહાનગરમાં વિપક્ષની સ્થિતી પણ એક સાંધે ને તેર તુંટે જેવી છે. એક કોંગ્રેસના જાગૃત સભ્ય એવા 'માતા-પુત્ર' (બંને કોર્પોરેટર છે) મનપાના મનસ્વી આડેધડ થજઈ રહેલ શાસન સામે અવાજ તો ઉઠાવે છે પણ ખાટલે મોટી ખોટ.. આ બંને કોર્પોરેટરોને તેમના પક્ષ કોંગ્રેસનો જેલો અને જેવો સાથ સહકાર મળવો જોઈએ તે મળતો ન હોવાથી 'મા-દિકરા' બંને અવાજ કાયમી રૂંધાય જાય છે. અને પ્રજાનો વ્યાજબી પ્રશ્ન ત્યાંને ત્યાં ફાઈલોમાં ઢબુરાય જાય છે તેવી લોક લાગણીનો પણ અવાર-નવાર પડઘો પડતો જોવા મળે છે. પરંતુ મહાનગર ભાજપના શાસકો એવંમ્ કર્તા-હર્તા અને સમાહર્તા એવા પદાધિકારીઓને કહેવાય છે કે, ઉપરથી ભાજપના કોઈને કોઈ મોટા માથાના આશીર્વાદ હોવાના કારણે જનતાના વ્યાજબી પ્રશ્નો કરતા માલમલિદા બનાવવામાં વધુને વધુ રસ હોય તેમ ચોમાસા પછી ખાસ કરીને કાળવાના વોંકળાના વરસાદી પાણીએ મહાનગરમાં સર્જેલી તારાજી પછી તો વિકાસના નામે મહાનગરની દર્દનીય સ્થિતી નિર્વાણ થયાનું જોવા મળે છે.

મુખ્ય અને સોસાયટી વિસ્તારના માર્ગો ઉપર કોઈને કોઈ કામ કે કારણ સબબ યોગ્ય આયોજન વગર વિકાસની ગ્રાન્ટમાંથી મલાઈ તારવવાની એક માત્ર ઉતાવળ હોય તેમ આડેધડ રસ્તાના ખોદાણો કરી લેવામાં આવતા ખરાબ રોડના કારણે નાના-મોટા પરચુરણ વેપારીઓ અને ધંધાર્થીઓના વેપાર-રોજગાર ઉપર માઠી અસર પડી રહી છે. મતલબ કે ખરાબ રોડના કારણે કોઈ ગ્રાહક કોઈ વસ્તુ ખરીદવા કે લેવા આવી શકતા નથી તેવી પણ વેપારી વર્ગમાં ફરીયાદ બુલંદ બનતી જાય છે.

# જૂનાગઢ મહાનગરપાલિકાની ભુંગળી વિનાની ભવાઈ જમીનના ઠેકાણા નથી અને ગૌરવ પથ બનાવવા નીકળ્યા !!

## મનપાના સત્તાધિશો સંકલનમાં અંદરો-અંદર ઝઘડે છે, આમ જનતાની ચિંતા નથી તેવા બેજવાબદાર મનપા તંત્રને સુપરસીડ કરવા કોંગ્રેસી કોર્પોરેટર મંજુલાબેન પણસારાની માંગ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ મહાનગર પાલિકાની જનરલ બોર્ડની ગઈકાલે મંગળવારે બેઠક મળી હતી અને આ બેઠક શરૂ થાય તે પહેલા જ બઘડાટી બોલી હતી. કારણે બોર્ડ શરૂ કરવાનો સમય ૧૨ વાગ્યાનો હતો તેમ છતાં ૧૨:૩૦ સુધી કોઈ પદાધિકારીઓ કે અધિકારીઓ ફરકયા ન હતા. ત્યારે વોર્ડ નંબર-૪ના કોંગ્રેસી કોર્પોરેટર મંજુલાબેન પણસારાએ જણાવ્યું હતું કે, મેયર, સેક્રટરીને ફોન કર્યો છતાં ફોન ઉપાડતા નથી. બોર્ડ શરૂ કરવું ન હોય તો ૧૨ વાગ્યાનો સમય શા માટે આપો છો ? સંકલનમાં અંદરો અંદર ઝઘડે છે અને હેરાન અમારે થવાનું ? લોકો મરે છે તો પણ ચિંતા નથી. કારણ કે તેમના કોઈ સગા નથીનો એટલે.

આવી બોડીનો ડિસ્કવોલીફાઈ કરી કલેકટરને ચાર્જ સોંપી દેવો જોઈએ. અધિકારીઓ પણ બેઠા છે જેથી અરજદારો હેરાન થાય છે. પ્રજાની પડી નથીને અંદરો અંદરના ડખા છે તેને શાંત કરવામાં પડયા છે. બાદમાં ૧૨:૪૦એ મેયર, ૧૨:૪૪એ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન અને ૧૨:૪૭એ કમિશ્નર આવ્યા હતા. બાદમાં બોર્ડ શરૂ થયું હતું. દરમ્યાન જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા મોટે ઉપાડે અગાઉ જૂનાગઢના બનનારા ગૌરવ પથ માટે મોટી જાહેરાત કરી હતી અને મોતીબાગથી અક્ષરવાડી સુધીનો રોડ ૨૨ કરોડના ખર્ચે બનશે તેવું જણાવ્યું હતું. પરંતુ સત્ય હકિકત એ છે કે ગૌરવ પથ માટે જમીન મળવી જ મુશ્કેલ છે. ત્યાં ગૌરવ પથ બનાવવાની વાતનો ફિયાસ્કો થઈ રહ્યો હોવાની પણ ચર્ચા ઉઠવા પામી છે.

અગાઉ નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફિકેશન માટે મહાનગરપાલિકાએ કૃષિ યુનિવર્સિટી પાસે જમીન માંગી હતી. ત્યારે પણ કૃષિ યુનિવર્સિટીએ જમીનઆપી નથી. માત્ર વિકાસ કરવા માટેની પરમિશન આપી છે પરંતુ જમીનની માલિકી હક કોર્પોરેશનને આપ્યો નથી. આ મામલે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. ત્યારે હવે કોર્ટ શું ચુકાદો આપે તેના પર મિટ મંડાઈ છે. ત્યારે હવે ગૌરવ પથ માટે કૃષિ યુનિવર્સિટી પાસેથી જમીન સંપાદન કરવાની પ્રક્રિયા કરવાની શાસકો વાત કરી રહ્યા છે પરંતુ જમીન મળવી મુશ્કેલ હોવાનું મનપાના આધારભૂત સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. માટે જ જનરલ બોર્ડમાં કહેવાયું છે કે, એગ્રી યુનિવર્સિટી જમીન આપશે ત ગૌરવ પથ બનશે તેમ જાણવા મળે છે.


ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર - જયોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨